અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ માર્ચ ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૨-૩
વર્ષ : ૧૬
અંક : ૨૬૭
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મન કી બાતના ૧૨૦મા એપિસોડ દ્વારા વડાપ્રધાને લોકો સાથે વાતચીત કરી

## પીએમ મોદીએ ઉનાળાના વેકેશનનો સદ્દુપયોગ અને પાણી બચાવવવા વિશે ખાસ સંદેશ આપ્યો

### ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે દેશના અલગ-અલગ ભાગોમાં તહેવારોની ધૂમ જોવા મળશે : હું દેશના લોકોને આ તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છા આપું છું : મોદી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત ના ૧૨૦મા એપિસોડમાં લોકો સાથે સંવાદ કર્યો. આ અવસરે તેમણે અનેક વિષયો પર વિસ્તૃત વાત કરી. મોદીએ કહ્યું, "આજે ચૈત્ર માસના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિ છે. આજે ચૈત્ર નવરાત્રિની શરૂઆત થઈ રહી છે. આજે ભારતીય નવું વર્ષ પણ શરૂ થઈ રહ્યું છે. આ વખતે વિક્રમ સંવત ૨૦૮૨ શરૂ થઈ રહ્યું છે. મારા સામે ઘણી બધી ચિઠ્ઠીઓ છે. જેમાં લોકોએ પોતાના મનની વાતો લખીને મોકલી છે. આપણા દેશના અલગ-અલગ રાજ્યોમાં આજે અને આગામી કેટલાક દિવસોમાં નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે અને આ બધા સંદેશા નવા વર્ષની શુભેચ્છાઓના છે. ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે દેશના અલગ-અલગ ભાગોમાં તહેવારોની ધૂમ જોવા મળશે. એટલે કે આ આખો મહિનો તહેવારોનો છે. હું દેશના લોકોને આ તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છા આપું છું."

તેમણે કહ્યું, "જ્યારે પરીક્ષા આવે છે, ત્યારે હું પરીક્ષા પર ચર્ચા કરું છું. હવે પરીક્ષા શરૂ થઈ ગઈ છે, હવે ઉનાળાની રજાઓનો સમય આવવાનો છે. બાળકો તેની ઉત્સુક્તાથી ખૂબ જ રાહ જોતાં હોય છે. ઉનાળાના દિવસો લાંબા હોય છે. તેમાં બાળકો પાસે કરવા માટે ઘણું બધું હોય છે. આ સમય કોઈ નવી હોબી શીખવાનો છે. આજે એવા પ્લેટફોર્મની કમી નથી, જ્યાં તેઓ ઘણું બધું શીખી શકે છે. આ રજાઓમાં સેવા કાર્યો સાથે જોડાવાનો અવસર છે. મારો ખાસ આગ્રહ છે કે જો કોઈ સંસ્થા આવી પ્રવૃત્તિઓ કરાવી રહી હોય તો #MyHoliday સાથે શેર કરો. આથી બાળકો અને તેમના માતા પિતાને પણ માહિતી મળશે. આજે હું આપને માય ભારતના ખાસ કેલેન્ડર વિશે વાત કરીશ, જે સમર વેકેશન માટે તૈયાર કરવામાં આવ્યું છે. આના સ્ટડી ટૂરમાં તમે જાણી શકો છો કે આપણા જન ઔષધી કેન્દ્રો કેવી રીતે કામ કરે છે. તમે સરહદી ગામોમાં અનોખો અનુભવ મેળવી શકો છો. આંબેડકર જયંતી પર પદયાત્રામાં ભાગ લઈને તમે બંધારણના મૂલ્યો વિશે માહિતી ફેલાવી શકો છો. તમે તમારા અનુભવોને #HolidayMemories સાથે શેર કરો." વડાપ્રધાન મોદીએ કહ્યું, "ઉનાળાની ઋતુમાં પાણી બચાવવાનું અભિયાન પણ શરૂ થઈ જાય છે. વિવિધ જગ્યાઓ પર વોટર હાર્વેસ્ટિંગનું કામ શરૂ થઈ ગયું છે. આ માટે અલગ-અલગ સંસ્થાઓ કામ કરે છે. આ વખતે પણ કેચ ધ રેન અભિયાન માટે કમર કસી લેવામાં આવી છે. આ અભિયાન સરકારનું નહીં પરંતુ જનતાનું અભિયાન છે. પ્રયત્ન એ છે કે જે કુદરતી સંસાધનો આપણને મળ્યા છે, તે આગામી પેઢી સુધી પહોંચાડવા છે. આ અભિયાન હેઠળ છેલ્લા કેટલાક વર્ષોમાં દેશના ઘણા ભાગોમાં પાણીના સંરક્ષણના ઘણા રસપ્રદ કામ થયા છે. હું તમને એક રસપ્રદ આંકડો આપું છું. છેલ્લા ૭-૮ વર્ષમાં નવા બનેલા ટેક્ક, અને તળાવ water recharge structure ke 11 billion cubic meter થી પણ વધુ પાણીનું સંરક્ષણ થયું છે. તમે પણ સામુદાયિક સ્તરે આવા પ્રયત્નો સાથે જોડાઈ શકો છો. તમે હમણાંથી યોજના જરૂર બનાવો. શક્ય હોય તો તમારા ઘરના આગળ માટલામાં ઠંડુ પાણી જરૂર રાખો. આ પુણ્ય કાર્ય કરીને તમને સારું લાગશે."

તેમણે કહ્યું, "કેટલાક દિવસો પહેલા સંપન્ન થયેલા ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં ખેલાડીઓએ પોતાની મહેનત અને પ્રતિભાથી બધાને ચોંકાવી દીધા. આ વખતે પહેલા કરતા વધુ ખેલાડીઓએ ભાગ લીધો. હું આવા ખેલાડીઓને તેમના શાનદાર પ્રયત્નો માટે અભિનંદન આપું છું. આ રમતો દરમિયાન દિવ્યાંગ ખેલાડીઓએ ૧૮ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યા, જેમાંથી ૧૨ તો મહિલાઓના નામે રહ્યા. હું આપણા દિવ્યાંગ સાથીઓને કહેવા માંગું છું કે તમારા પ્રયત્નો અમારે માટે પ્રેરણા છે. આપણી સ્વદેશી રમતો હવે ખૂબ જ લોકપ્રિય થઈ રહી છે.

### આપણે યોગ દ્વારા આખા વિશ્વને સ્વસ્થ બનાવવાનો પ્રયત્ન કરીશું : વડાપ્રધાન

ફેમસ રેપ્પર હનુમાનકાઇન્ડને તો તમે બધા જાણતા જ હશો. આજકાલ તેમનું નવું સોંગ "Run It Up" ખૂબ જ ફેમસ થઈ રહ્યું છે. તેમાં કલારિપયટ્ટુ, ગતકા અને થાંગ-તા જેવી આપણી પરંપરાગત માર્શલ આર્ટ્સને સામેલ કરવામાં આવી છે. દિલ્હીમાં એક ભવ્ય આયોજન લોકોએ ખૂબ પ્રેરણા આપી છે, ઉત્સાહથી ભર્યું છે. અહીં એક ઇનોવેટિવ આઈડિયા તરીકે પહેલી વાર ફિટ ઇન્ડિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું. તેમાં અલગ-અલગ ક્ષેત્રોના લગભગ ૨૫ હજાર લોકોએ ભાગ લીધો. આ બધાનો એક જ લક્ષ્ય હતો - ફિટ રહેવું અને ફિટનેસ વિશે જાગૃતિ ફેલાવવી."વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું, "આજે ટેક્સટાઇલ વેસ્ટ એક નવી પડકાર તરીકે સામે આવી છે. આજકાલ જૂના કપડાંને હટાવીને નવા કપડાં લેવાનો ટ્રેન્ડ થઈ ગયો છે. જ્યારે આપણે જૂના કપડાં છોડીએ છીએ ત્યારે તે ટેક્સટાઇલ વેસ્ટ બને છે. માત્ર ૧% ટેક્સટાઇલ વેસ્ટને રિસાયકલ કરવામાં આવે છે. ભારત દુનિયાનો ત્રીજો એવો દેશ છે, જ્યાં સૌથી વધુ ટેક્સટાઇલ વેસ્ટ નીકળે છે. એટલે કે પડકાર આપણા સામે પણ ખૂબ મોટો છે. પરંતુ મને ખુશી છે કે આપણા દેશમાં આ પડકારનો સામનો કરવા માટે ઘણા પ્રશંસનીય પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ઘણા ભારતીય સ્ટાર્ટ-અપ્સે ટેક્સટાઇલ રિકવરી ફેસિલિટીઝ પર કામ શરૂ કર્યું છે. ઘણી એવી ટીમો છે, જે કચરો વિણનારા આપણા ભાઈ-બહેનોના સશક્તિકરણ માટે પણ કામ કરી રહી છે. આ જૂના કપડાં અને જૂતા-ચપ્પલને રિસાયકલ કરીને જરૂરિયાતમંદો સુધી પહોંચાડી રહ્યા છે." તેમણે કહ્યું, "યોગ દિવસમાં હવે ૧૦૦ દિવસથી પણ ઓછો સમય બાકી છે. જો તમે હજી સુધી તમારા જીવનમાં યોગને સામેલ નથી કર્યો તો હવે સામેલ કરી લો, હજી મોડું નથી થયું. હવે આ યોગ દિવસને એક વિશાળ સ્વરૂપ મળી ગયું છે. આ માનવતાને ભારત તરફથી એવો ભેટ છે, જે ભવિષ્યની પેઢી માટે કામ લાગશે. વર્ષ ૨૦૨૫ના યોગ દિવસ માટે થીમ રાખવામાં આવી છે- યોગા- ફોર વન અર્થ, વન હેલ્થ. એટલે કે આપણે યોગ દ્વારા આખા વિશ્વને સ્વસ્થ બનાવવાનો પ્રયત્ન કરીશું. આજે મોટી સંખ્યામાં યુવાનો યોગ અને આયુર્વેદ અપનાવી રહ્યા છે. આજે ચિલીમાં આયુર્વેદ ઝડપથી લોકપ્રિય થઈ રહ્યો છે."

### હાર્દિક પંડ્યાને ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાનો દંડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

શનિવારે રમાયેલી IPL મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT)એ મુંબઈ ઈન્ડિયન્સ (MI)ને ૩૬ રને હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સને IPL 2025 સિઝનમાં તેમની શરૂઆતની બંને મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. ગુજરાત ટાઈટન્સ સામેની હારના દુઃખ વચ્ચે, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા માટે અચાનક એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. હાર્દિક પંડ્યાને તેની એક ભૂલને કારણે નુકસાન વેઠવું પડ્યું છે.

### ઓડિશામાં મોટી રેલ દુર્ઘટના

## કામાખ્યા એક્સપ્રેસના ૧૧ એસી કોચ પાટા ઉપરથી ઉતરી ગયા

### ચૌદ્વાર વિસ્તારમાં મંગુલી પેસેન્જર હોલ્ટ પાસે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ : આ દુર્ઘટનામાં સાત લોકો ઈજાગ્રસ્ત

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૩૦ ।

ઓડિશામાં એક મોટો રેલ અકસ્માત થયો છે. અહીં બેંગલુરૂ અને અસમ વચ્ચે ચાલતી કામાખ્યા એક્સપ્રેસના ૧૧ એસી કોચ પાટા પરથી ઉતરી ગયા છે, ત્યારબાદ યાત્રિકોમાં હાહાકાર મચી ગયો હતો. જાણવા મળી રહ્યું છે કે ટ્રેન ચૌદ્વાર વિસ્તારના મંગુલી પેસેન્જર હોલ્ટની પાસે ડીરેલ થઈ છે. રેસ્ક્યુ ઓપરેશન માટે એનડીઆરએફ અને મેડિકલ ટીમ મોકલવામાં આવી હતી. આ દુર્ઘટનામાં સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે.

ઓડિશાના કટકમાં ચૌદ્વાર પાસે બેંગલુરૂ-કામાખ્યા સુપરફાસ્ટ એક્સપ્રેસ આજે પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેનના ૧૧ એસી



કોચ ડીરેલ થયા હતા, ત્યારબાદ નીલાચલ એક્સપ્રેસ, ધૌલી એક્સપ્રેસ, પુરૂલિયા એક્સપ્રેસનો રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ઘટનાસ્થળ પર રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. મેડિકલ ટીમ, એનડીઆરએફ અને ફાયર બ્રિગેડ કર્મચારી રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહ્યાં છે. ઈસ્ટ કોસ્ટ રેલવેના સીપીઆરઓ અશોક કુમાર મિશ્રાએ જણાવ્યુ કે અમને કામાખ્યા એક્સપ્રેસ (૧૫૫૫૧) ના કેટલાક કોચ પાટા પરથી ઉતરી જવાની સૂચના મળી છે. તેમણે કહ્યું- અત્યાર સુધી મળેલી જાણકારી પ્રમાણે ૧૧ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. કોઈ ઈજાગ્રસ્ત થયું નથી. બધા યાત્રિ સુરક્ષિત છે. દુર્ઘટના રાહત ટ્રેન, ઈમરજન્સી મેડિકલ ઉપકરણ મોકલવામાં આવ્યા છે. સીપીઆરઓએ જણાવ્યું કે રેલવેના વરિષ્ઠ અધિકારીઓ પણ ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચવાના છે. ઢઈર ખુર્દા રોડ, ય્સ/ઈર્ઝઇ અને અન્ય વરિષ્ઠ સ્તરના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. તેમણે કહ્યું કે તપાસ બાદ જ ખબર પડશે કે આ ઘટના કેવી રીતે બની.

### નરેન્દ્ર મોદીએ ડો. હેડગેવારને આપી શ્રદ્ધાંજલિ

## પીએમ બન્યા બાદ પ્રથમવાર RSS હેડક્વાર્ટર પહોંચ્યા નરેન્દ્ર મોદી

। (એજન્સી) નાગપુર, તા.૩૦ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ વર્ષમાં પ્રથમવાર નાગપુર સ્થિત RSS મુખ્યાલય પહોંચ્યા હતા. આજે (૩૦ માર્ચ) સવારે અહીંના સ્મૃતિ મંદિરમાં તેમણે RSS ના સંસ્થાપકોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન સંઘ પ્રમુખ મોહન ભાગવત પણ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ સ્મૃતિ મંદિરની વિઝિટર બુકમાં એક સંદેશની સાથે હસ્તાક્ષર પણ કર્યા છે. તેમણે લખ્યું- 'પરમ પૂજનીય ડો. હેડગેવાર અને પૂજ્ય ગુરૂજીને શત્-શત્ નમન. 'તેમની યાદોને યાદ કરવા આ સ્મૃતિ મંદિરમાં આવીને હું અભિભૂત છું. ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રવાદ અને સંગઠનના મૂલ્યોને સમર્પિત આ સ્થાન આપણને રાષ્ટ્રની સેવામાં આગળ વધવાની પ્રેરણા આપે છે. પીએમ મોદીએ લખ્યુ- સંઘના બે મજબૂત સ્તંભોનું આ સ્થળ દેશની સેવામાં સમર્પિત લાખો સ્વયંસેવકો માટે ઉર્જાનો સ્ત્રોત છે. આપણાપ્રયાસોથીમાભારતીનુંગૌરવસદાયવધતુંરહે. નાગપુરમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ



અને કેન્દ્રીય મંત્રી તથા નાગપુર સાંસદ નીતિન ગડકરીએ પીએમ મોદીનું સ્વાગત કર્યુ હતું. આરએસએસ હેડક્વાર્ટરના પ્રવાસ દરમિયાન બંને નેતા પીએમ મોદી સાથે રહ્યા હતા. બિહાર અને બંગાળની વિધાનસભા ચૂંટણી પહેલાં જ આરએસએસએ ભાજપ સાથે પોતાનું જોડાણ મજબૂત હોવાનો પુરાવો આપતાં તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂક્યો છે.

### મ્યાનમારમાં ૭૨ કલાકમાં ચોથી વખત ભૂકંપ આવ્યો

। (એજન્સી) મ્યાનમાર, તા.૩૦ ।

મ્યાનમારમાં ૭.૭ અને પછી ૭.૨ ની તીવ્રતાના એક પછી એક ભૂકંપ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૭૦૦ લોકો માર્યા ગયા છે અને ૩,૪૦૦ લોકો ઘાયલ થયા છે, ત્યારે યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે (યુએસજીએસ)એ જણાવ્યું હતું કે, મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે પાસે આજે રવિવારે (૩૦ માર્ચ, ૨૦૨૫) ૫.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે.

## ચેન્નાઈમાં સ્પાઈસ જેટની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

। (એજન્સી) ચેન્નાઈ, તા.૩૦ ।

રાજસ્થાનના જયપુરથી એક ફ્લાઈટનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.. ફ્લાઈટે જયપુર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેનું ચેન્નાઈ એરપોર્ટપર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.જેના કારણે પ્લેનમાં સવાર લોકોમાં ગભરાટનો માહોલ છવાયો હતો. ફ્લાઈટ જયપુર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી રાજસ્થાનના જયપુરથી એક ફ્લાઈટનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. ફ્લાઈટે જયપુર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.

લેન્ડિંગ આજે સવારે લગભગ ૫.૪૬ વાગ્યે થયું હતું. પ્રાથમિક તપાસમાં વિમાનનું વ્હીલ તુટેલું જણાયું હતું. તેમ છતાં પ્લેનમાં ટેકનિકલ ખામીના કારણોની શોધ હજુ ચાલુ છે. આ પ્લેન સ્પાઈસ જેટ એરલાઈનનું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાઈલટે એટીસીને પ્લેનમાં ટેકનિકલ ખામી અંગે જાણ કરી હતી.







### ભારતના ઘણા સેક્ટરને થશે અસર

## ૨ એપ્રિલથી ટ્રંપ લગાવવા જઈ રહ્યા છે રેસિપ્રોકલ ટેરિફ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ ૨ એપ્રિલથી તમામ દેશો પર ટેરિફ લાદવા જઈ રહ્યા છે. આનાથી અબજો ડોલરના વૈશ્વિક વેપાર પર અસર થશે એટલું જ નહીં, ભારતીય નિકાસને પણ મોટો ફટકો પડી શકે છે. ટ્રંપના આ રેસિપ્રોકલ ટેરિફના સીધા નિશાના પર ભારત છે, જેને તે 'ટેરિફ કિંગ' કહી ચૂક્યા છે. એવી આશંકા છે કે ટ્રંપ દ્વારા ટેરિફ લાદવાથી નિકાસને ૩૧ બિલિયન ડૉલર સુધીનું સંભવિત નુકસાન થઈ શકે છે. કારથી લઈને જેનરિક સુધી ટ્રંપ દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની વ્યાપક અસર થઈ શકે છે. તાજેતરમાં ટ્રંપે આયાતી કાર અને ઓટો પાર્ટ્સ પર ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. હવે ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, જેમ્સ અને જ્વેલરી જેવા ક્ષેત્રોનો વારો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ભારતની અમેરિકામાં કુલ નિકાસ ઈ૭૭.૫ બિલિયન રહી હતી, જ્યારે અમેરિકાની ભારતમાં નિકાસ $40.7 બિલિયન રહી હતી. અમેરિકા ભારતમાં ત્રીજા નંબરનું સૌથી મોટું રોકાણકાર



છે. આના કારણે ૨૦૦૦થી અત્યાર સુધી ૬૭.૭૬ બિલિયન ડૉલરનું FDI થયું છે, તેથી ટ્રંપના ટેરિફની ભારત પર અસર થવાની શક્યતા પણ વધારે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ટેરિફની દેશના ફાર્માસ્યુટિકલ સેક્ટર પર વધુ અસર પડશે. હાલમાં અમેરિકા ફાર્માની આયાત પર ન્યૂનતમ ટેરિફ લાદે છે. ભારત અમેરિકન ફાર્મા પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા ટેરિફ લાદે છે. આવી સ્થિતિમાં, હવે આ ક્ષેત્ર પણ સીધા રેસિપ્રોકલ ટેરિફના દાયરામાં આવશે. ઉદ્યોગ નિષ્ણાતોએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે વિતરકો અને ઉત્પાદકો માટે વધારાના ખર્ચનો બોજ ઉઠાવવો મુશ્કેલ બનશે. ભારત યુ.એસ. માં જેનરિક દવાઓનો સૌથી મોટો સપ્લાયર હોવાથી, કોઈપણ ઘટાડો તાત્કાલિક થવાને બદલે ધીમે ધીમે થવાની શક્યતા છે.

### રાજા જ્ઞાનેન્દ્ર શાહની સુરક્ષા ઘટાડી । ઓલી સરકારે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને હિંસામાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા આદેશ આપ્યો છે

## નેપાળમાં હિંસા માટે પૂર્વ રાજા જવાબદાર, નુકસાનની ભરપાઈ કરવા માટે આદેશ

। (એજન્સી) કાઠમંડુ, તા.૩૦ ।

નેપાળમાં રાજાશાહીના સમર્થનમાં થયેલી હિંસા બાદ સરકારે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ઓલી સરકારે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને હિંસામાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા આદેશ આપ્યો છે. તેમજ તેમની સુરક્ષામાં પણ ઘટાડો કર્યો છે.

સરકારે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહના સમર્થકો દ્વારા કરવામાં આવેલી હિંસા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરતાં પૂર્વ રાજાની સુરક્ષામાં મૂકેલા ૨૫ સુરક્ષાકર્મીઓની સંખ્યા ઘટાડી ૧૬ કરી છે. તેમજ જૂના તમામ સુરક્ષાકર્મીઓને બદલી નાખવામાં આવ્યા છે. વધુમાં કાઠમાંડૂ નગર નિગમે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને નુકસાનની ભરપાઈ કરવા નોટિસ પણ મોકલી છે. જેમાં પૂર્વ રાજા પાસે રૂ. ૭.૯૩ લાખ નેપાળી રૂપિયા (રૂ. ૫ લાખ) ચૂકવવા આદેશ કરાયો છે.

૨૮ માર્ચની સવારે આશરે ૧૧.૩૦ વાગ્યે કાઠમાંડૂના તિનકૂને વિસ્તારમાં રાજાશાહી સમર્થક રેલી શરૂ થઈ હતી. આ રેલી સંસદ ભવન નજીક પહોંચવાનો પ્રયાસ કરી રહી હતી. ૨૦૦૮માં સમાપ્ત કરવામાં આવેલા રાજતંત્રને ફરીથી લાગુ કરવાની માગ સાથે નીકળેલી આ રેલી અચાનક હિંસક બની હતી. સમર્થકોએ અનેક ઘર, ઈમારતો અને દુકાનોને આગ ચાંપી હતી.

આ હિંસામાં બે લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. પોલીસ અને સરકાર આક્રમક રીતે તપાસ કાર્યવાહી કરી રહી છે. પોલીસે અત્યારસુધીમાં ૧૩૦ લોકોની ધરપકડ કરી લીધી છે.

નેપાળના ગૃહ મંત્રાલયે આ સમગ્ર ઘટના માટે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહ અને તેમની તરફથી આંદોલનનું નેતૃત્વ કરી રહેલા દુર્ગા પ્રસાઈને જવાબદાર ઠેરવ્યા છે. નેપાળે ૨૦૦૮માં સંસદ દ્વારા રાજાશાહી સમાપ્ત કરી હતી. ત્યારબાદ નેપાળ ધર્મનિરપેક્ષ, લોકતાંત્રિક દેશ બન્યો હતો. જો કે, છેલ્લા થોડા સમયથી ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માગ ઉઠી છે. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ લોકતંત્ર દિવસ પર્વે નિમિત્તે પૂર્વ રાજાએ પ્રજા પાસે રાજાશાહીને સમર્થન આપવાની અપીલ કરી હતી.

રાજાશાહી સમર્થક રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટીના વિરોધ બાદ ધરપકડ કરવામાં આવેલા બે નેતાઓ ધવલ શમશેર રાણા અને રવિન્દ્ર મિશ્રાની મુક્તિની માગ કરવામાં આવી હતી. પાર્ટીએ ધમકી આપી છે કે, જો ૨૪ કલાકમાં બંને નેતાઓને મુક્ત કરવામાં નહીં આવે તો તેઓ રસ્તા પર ઉતરી જશે. તેમજ વિરોધ પ્રદર્શન દરમિયાન જે ઘટના બનશે તેના માટે સરકાર જવાબદાર રહેશે.

### ચૈત્ર મહિનાનો પ્રારંભ I પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું

# શક્તિપીઠ સહિતના મંદિરોમાં લાગી ભક્તોની ભારે ભીડ



I (એજન્સી) પાવાગઢ, તા.૩૦ I

આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. ત્યારે રાજ્યના તમામ શક્તિપીઠમાં ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી છે. પંચમહાલના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ હજારો માઈભક્તોએ માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. તો બનાસકાંઠાના અંબાજીમાં પણ હજારો માઈભક્તોએ મા અંબાના દર્શન કર્યા. આ વખતે એક નોરતું ઓછું છે. ૬ વર્ષ પછી આવો યોગ રચાયો છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ દરેક મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી છે. અમદાવાદની નગરદેવી ભદ્રકાળી મંદિર હોય કે શક્તિપીઠ બહુચરાજી મંદિર હોય ચૈત્રી નવરાત્રિની શરૂઆત ભક્તિભાવ સાથે થાય છે. પ્રથમ દિવસે શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચ્ચાર સાથે ઘટ સ્થાપનની વિધિ યોજાઈ હતી. આ સાથે સાથે ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદ વિસ્તારમાં આવેલા સપ્તશ્રૃંગી દેવીના મંદિરે હજારો ભક્તોની ઉમટ્યા હતા. પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. આજે વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ હજારો માઈભક્તોએ માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. શ્રદ્ધાળુઓ તળેટીથી માચી સુધી અને માચીથી મંદિર સુધીના રેવાપથ પર પગપાળા યાત્રા કરતા જોવા મળ્યા હતા. ભક્તોની ભીડને ધ્યાને રાખી જિલ્લા વહીવટી તંત્રએ પણ સુચારું આયોજન કર્યું છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૩ DySP, 12 PI, 30 PSI સાથે એક SRP કંપની મળી કુલ ૯૫૦થી વધુ પોલીસ કર્મીઓ ખડેપગે રહેશે. પાવાગઢ ખાતે ખાનગી વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે. તેમજ ST બસોની ખાસ વ્યવસ્થા કરાઈ છે. પાવાગઢ યાત્રાએ આવતા ભક્તો માટે ૫૦થી વધુ ST બસ મુકવામાં આવી છે.

## પોરબંદરઃ માધવપુરનો મેળો છઠ્ઠી એપ્રિલથી થશે શરૂ

I (એજન્સી) પોરબંદર, તા.૩૦ I

ગુજરાતના પોરબંદર નજીક માધવપુર ઘેડનો મેળો યોજાય છે. દર વર્ષે ચૈત્ર મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે આગામી ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન ઘેડના મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના દરિયા કિનારે પોરબંદર જિલ્લામાં યોજાવનારા માધવપુર મેળામાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે. જેમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીની લગ્નકથા, ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીનો પ્રેમ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નીહાળવા મળશે. આ સાથે મેળામાં ગુજરાત સહિત ઉત્તર પૂર્વના રાજ્યોના હસ્તકલાના કારીગરોને સ્ટોલ આપીને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવશે. પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર પૌરાણિક ઐતિહાસિક અને વિરાસત ધરાવતું માધવપુર ગામ ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીના વિવાહનું સાક્ષી હોવાનું માનવામાં આવે છે. માધવપુર ઘેડ મેળામાં ચાર દિવસ બાદ પાંચમા દિવસે દ્વારકામાં માતા રુક્ષ્મણીનો સત્કાર સમારંભ ભવ્ય રીતે ઉજવાય છે.

## શનિદેવના જન્મસ્થળ હાથલામાં શનેશ્વરી અમાસે ઉમટ્યા ભક્તો

I (એજન્સી) પોરબંદર, તા.૩૦ I

પોરબંદરથી ૩૦ કિલોમીટરના અંતરે દેવભૂમિદ્વારકા જિલ્લામાં આવેલા શનિદેવના જન્મસ્થાન ગણાતા હાથલા ગામે શનેશ્વરી અમાસ નિમિતે રાજયભરમાંથી અનેક લોકો દર્શનાર્થે ઉમટી પડયા છે. દર વર્ષની જેમ પદયાત્રીઓ શ્રધ્ધાળુઓ ઉમટી રહ્યા છે અને આ જ રીતે રાત્રે ૧૨ વાગ્યા સુધી હાથલામાં ભક્તોની લાંબી લાઈનો જોવા મળે છે. ખાસ વાત એ છે કે પનોતી ઉતારવા માટે લોકો અહીં ચંપલ અને કપડાં મૂકીને જતાં રહે છે. જેવુ શનિદેવ સ્થાન મહત્વ શિગણાપુરમાં છે એવુ જ મહત્વ ગુજરાતમાં આવેલા શનિસ્થાન હાથલામાં રહ્યુ છે. એમ મનાય છે કે શનિદેવનો જન્મ સૌરાષ્ટ્રમાં હાથલામાં થયો છે. આથી અહી શનેશ્વરી અમાસ અને શનિ જયંતી અને દર શનિવારે દર્શનાર્થીઓની ભીડ રહે છે. આજે શનેશ્વરી અમાસ નિમિતે અનેક ભાવિકો શનિ ચાલીસાના પાઠ કરે છે તેમજ શનિદેવના જપ કરે છે. તેમજ સાડાસાતી પનોતી અને અઢી વર્ષની પનોતી નિવારણ શાંતિ માટે વિશેષ પૂજાવિધિ કરે છે. અહી બાવન ગજની ધજા ચડાવવાનો મહિમા છે. અહી દર્શન બાદ બુટ ચંપલ છોડી જવાનો મહિમા હોવાથી લોકોએ આ પરંપરાને નિભાવે છે. અહી આવતા યાત્રિકો પૈકી અનેક યાત્રિકો પદયાત્રા કરે છે.

## ફ્લાઈટના બાથરૂમમાં સુરતી યુવકે બીડી સળગાવી

I (એજન્સી) સુરત, તા.૩૦ I

નવસારીમાં રહેતા યુવકે સુરત એરપોર્ટ પરથી કોલકાતા જવા માટે ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ બુક કરાવી હતી. એરપોર્ટ પર ફ્લાઈટ ઉભી હતી ત્યારે યુવકે બાથરૂમમાં જઈ બીડી સળગાવી સ્મોકિંગ કર્યું હતું. જેના કારણે યુવકે ફ્લાઈટમાં સવાર ૬૦થી વધુ પેસેન્જરરોના જીવ જોખમમાં મૂકી દીધા હતા. જોકે બાદમાં સિક્યુરિટીને બાથરૂમમાંથી ધુમાડો નીકળવાની જાણ થતા તેઓએ તાત્કાલિક યુવકને ઝડપી પાડ્યો હતો અને ડુમસ પોલીસને જાણ કરી યુવકને પોલીસના હવાલે કરી દીધો હતો. ત્યારે બીજી તરફ ડુમસ એરપોર્ટ પર ચેકિંગ કરતા સીઆઈએસએફના જવાનો સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. યુવક ફ્લાઈટની અંદર સુધી બીડી અને માસીચ કેવી રીતે લઈ ગયો તે પણ સવાલો ઉઠી રહ્યા છે. ઈન્ડિગો એર લાઈન્સની ફ્લાઈટ સુરતથી કોલકત્તા વાય જયપુરનો ડીપાર્ચર ટાઈમ ૧૬.૩૫ વાગ્યાનો હતો. જોકે, ટેકનિકલ ખામીના કારણે ફ્લાઈટ સમયસર ડીપાર્ચર થઈ ન હતી. જેથી એરસાઈડ એરિયા ખાતે ફ્લાઈટની તપાસ થતી હતી, ત્યારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં ફ્લાઈટમાંથી એર હોસ્ટેસ વૈષ્ણવી નિઘોટ તેમની પાસે આવ્યા હતા. એર હોસ્ટેસે જણાવ્યું કે એક પેસેન્જર ફ્લાઈટના બાથરૂમમાં ધુમ્રપાન કરીને આવ્યો છે. બાથરૂમમાંથી ધૂમાડા નીકળતા વાત બહાર આવી હતી. જેથી ફ્લાઈટમાં પેસેન્જરની સીટ નં.૧૫-એ પર જઈ તપાસ કરી હતી. મુસાફરે ફ્લાઈટના બાથરૂમમાં જઈ ધુમપાન કર્યુ હોવાની કબૂલાત કરી હતી.

### થંડર સ્ટોર્મ એક્ટિવિટીના કારણે પવનની ગતિ તેજ રહેશે

# ૩ એપ્રિલ સુધીમાં ૧૮થી વધુ જિલ્લામાં પવન સાથે વરસાદની આગાહી

**વાદળછાયું વાતાવરણના કારણે ગરમીમાંથી આંશિક રાહત મળશે પરંતુ ખેડૂતોની ચિંતા વધશે**

I (એજન્સી) અમદાવાદ, તા.૩૦ I

રાજ્યમાં હાલ તો ઉનાળો ચાલી રહ્યો છે પરંતુ ૨૪ કલાક બાદ વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. મહારાષ્ટ્ર પર એક સિસ્ટમ સક્રિય થશે. જેની અસર ગુજરાતના વાતાવરણ પર થશે. વાદળછાયું વાતાવરણના કારણે ગરમીમાંથી આંશિક રાહત મળશે પરંતુ ખેડૂતોની ચિંતા વધશે. ગુજરાતમાં થંડર સ્ટોર્મ એક્ટિવિટીના કારણે પવનની ગતિ તેજ રહેશે. આ સાથે હવામાન વિભાગની અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની આગાહી છે.

હવામાન અંગેની આગાહીને કારણે ગુજરાતના તાતના માથે ચિંતાના વાદળો છવાયા છે. ગુજરાતમાં થંડર સ્ટોર્મ એક્ટિવિટીના કારણે પવનની ગતિ તેજ રહેશે. ભારે પવન ફૂંકાય તો બાગાયતી પાકને નુકસાન થવાની શક્યતાઓ રહે છે. તેમજ ૩૧ માર્ચથી ત્રણ એપ્રિલ દરમિયાન હવામાનમાં પલટો આવશે. થંડરસ્ટ્રોમ એક્ટિવિટી સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૩૧ માર્ચના એટલે કે સોમવારના રોજ નર્મદા, તાપી, ડાંગમાં સામાન્ય વરસાદની શક્યતાઓ છે. જ્યારે ૧ એપ્રિલ મંગળવારના દિવસે છોટાઉદેપુર, નર્મદા, સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થવાની આગાહી છે. એટલે કે, ગાજવીજ સાથે ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે. બીજી એપ્રિલના રોજ અરવલ્લી, ખેડા, આણંદ, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર,ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ગાજવીજ સાથે ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે. ગુરુવારે ત્રીજી એપ્રિલના રોજ પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપીમાં સામાન્ય વરસાદની આગાહી આપવામાં આવી છે. રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૯ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. જોકે સામાન્ય કરતાં મહત્તમ તાપમાન બેથી પાંચ ડિગ્રી ઊંચુ તાપમાન નોંધાયું છે. ખાસ કરીને દરિયાકાંઠાનું તાપમાન સામાન્ય કરતાં ઊંચુ હોવાના કારણે કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળા પવનના કારણે અકળામણનો અનુભવ થાય છે.

## ક્રિકેટ દિગ્ગજ કપિલ દેવએ અદાણી ઇન્ટરનેશનલ સ્કૂલમાં ISSO સ્વિમિંગ રીજનલનું ઉદઘાટન કર્યું

**ગુજરાતની સાત સ્કૂલ્સમાંથી U9 અને U11 કેટેગરીના ૧૧૫ યુવા તરવૈયાઓએ ભાગ લીધો**

I અમદાવાદ, તા.૩૦ I

અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલે શનિવારે ઈન્ટરનેશનલ સ્કૂલ્સ સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશન (ISSO) સ્વિમિંગ રીજનલ ચેમ્પિયનશિપની યજમાની કરી, જ્યાં વિશ્વકપ વિજેતા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન કપિલ દેવ ઉપસ્થિત રહ્યા અને ઈવેન્ટનું ઉદઘાટન કર્યું.




અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલ ગુજરાતનું પહેલું એવું સંસ્થાન બન્યું, જેણે ISSO રીજનલ ઈવેન્ટનું આયોજન કર્યું. ગુજરાતની સાત ઈન્ટરનેશનલ સ્કૂલ્સમાંથી U9 અને U11 કેટેગરીના ૧૧૫ યુવા તરવૈયાઓએ તેમાં ભાગ લીધો. ISSO વિદ્યાર્થીઓને વિવિધ રમતગમતમાં સ્પર્ધા કરવાની તક પૂરી પાડે છે અને ખેલાડીઓમાં રમતગમતની ભાવના અને ટીમવર્કને પ્રોત્સાહન આપે છે. સમગ્ર દેશમાં યોજાતા આવી સ્પર્ધાઓ દ્વારા ISSO ભારતના ગ્રાસરૂટ રમતગમત વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. શનિવારે આયોજિત ISSO રીજનલ ઈવેન્ટમાં અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલે કુલ ૧૦૬ મેડલ જીત્યા, જેમાં ૧૯ ગોલ્ડ (વ્યક્તિગત), ૩૬ ગોલ્ડ (રિલે), ૨૨ સિલ્વર (વ્યક્તિગત), ૮ સિલ્વર (રિલે), અને ૨૧ બ્રોન્ઝ (વ્યક્તિગત) મેડલનો સમાવેશ થાય છે, અને કુલ ૨૮૪ પોઈન્ટ સાથે ઓવરઓલ ચેમ્પિયન બની.

કપિલ દેવએ તેમની મુલાકાત વિશે કહ્યું, ‘‘મારે અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલે ISSO સ્વિમિંગ રીજનલ ચેમ્પિયનશિપના ઉદઘાટનનો ભાગ બનવાનો આનંદ થયો. અહીંની રમતગમતની સુવિધાઓ અદ્ભુત છે અને સ્કૂલ જે રીતે શહેરમાં એક મજબૂત રમતગમત સંસ્કૃતિ વિકસાવવા માટે પ્રયત્નશીલ છે, તે જોઈને હર્ષ થાય છે. આવા પ્રયાસો ભારતમાં ભવિષ્યના ચેમ્પિયન્સ ઊભા કરવામાં મદદરૂપ થશે. અદાણી પરિવારને અભિનંદન અને ભારતીય રમતગમત માટે તેમની અમૂલ્ય યોગદાન માટે શુભકામનાઓ.’’

### ગુજરાત સરકારના આદેશ બાદ AMCએ કર્યો નિર્ણય

# જન્મ મરણ અંગેના સર્ટિફિકેટ મેળવવા હવે થશે મોંઘા!

I (એજન્સી) અમદાવાદ, તા.૩૦ I

ગુજરાતમાં હવે જન્મ અંગેના સર્ટિફિકેટમાં ધરખમ વધારો કર્યો છે. આ નવા નિયમો લાગૂ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે નાગરિકોને આ સેવાઓ માટે હવે વધુ ખર્ચ કરવો પડશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આ નિર્ણયથી સામાન્ય લોકો પર સીધી અસર પડશે.

જન્મ મરણ અંગેના સર્ટિફિકેટ મેળવવા હવે મોંઘા થવા જઈ રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આદેશ બાદ AMCએ આ નિર્ણય કર્યો છે. જુદા જુદા હેતુ અને સમય મર્યાદા મુજબ માટે વિવિધ ચાર્જ જાહેર કરવામાં આવ્યા છે. આ ફી વધારો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૮ બાદ વિવિધ ફીમાં વધારો કરાયો છે.

જો તમે હવે નામ, પિતાનું નામ અને અટક સહિતની નોંધાયેલી વિગતો સુધારવા માટે જન્મ અને મૃત્યુ રજીસ્ટ્રારની કચેરીએ જાઓ ત્યારે ખાતરી કરજો કે તમે આપેલી વિગતોની જોડણી ખોટી નથી. કેમ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા એક નવો નિયમ બનાવવામાં આવ્યો હતો.

નામ બદલવાની વારંવારની વિનંતીઓથી તંગ આવી ગયેલા છસ્ઝએ આખરે એક મોટો નિર્ણય લીધો હતો. જે મુજબ હવે જન્મ કે મૃત્યુના પ્રમાણપત્રમાં ફક્ત એક વખત સુધારો કરી શકાશે અને ત્યારબાદ તેમાં કોઈ સુધારો કરી શકાશે નહીં. જ્યોતિષીય સલાહ મુજબ સુધારા-વધારા કરવા અને ’ભાઈ’ અથવા ’કુમારી’ જેવા સન્માનિતને દૂર કરવા માટે હવે એકથી વધુ વખત ફેરફારો કરવામાં આવશે નહીં.

વર્ષ ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં જ નામમાં સુધારો કરવાની વિનંતોમાં બે ગણો વધારો થયો હતો. પ્રથમ છ મહિનામાં જ સુધારા-વધારા કરવા માટે AMCને ૫૦,૦૦૦થી વધુ અરજીઓ મળી છે. જે આટલી અરજીઓ ૨૦૨૩ના આખા વર્ષ દરમિયાન મળી હતી. આવી અરજીઓની સંખ્યા સતત વધી રહી હોવાના કારણે AMCને આરોગ્ય ભવનમાં રજિસ્ટ્રાર ઓફિસમાં નવી પ્રતિબંધિત નીતિઓની નોટિસ મૂકવાની ફરજ પડી છે.

## બે યુવકો એમ.ડી ડ્રગ્સ સાથે આશ્રમ રોડની હોટલમાંથી ઝડપાઈ ગયા

I અમદાવાદ, તા.૩૦ I

ઓરિસ્સાથી અમદાવાદના આશ્રમ રોડ પર સ્થિત એક હોટલમાં રહી ગ્રાઈન્ડર એપ્લિકેશનથી ગે સેક્સની પ્રવૃતિ કરતા બે ગે યુવકોને એમ.ડી ડ્રગ્સ સાથે સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઝડપી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે બંને ગે યુવકોને એમ.ડી ડ્રગ્સની આદત હતી અને તેમના એક ગ્રાહકે એમ.ડી ડ્રગ્સ આપ્યું અને તે વેંચીને નવા ગ્રાહકોને શોધીને સપ્લાય કરતા હતા. આ અંગે એસઓજીએ વધુ તપાસ હાથ ધરી છે. સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના સ્ટાફને બાતમી મળી હતી કે આશ્રમ રોડ જીવાભાઈ ચેમ્બર્સમાં આવેલી ક્રિસ્ટલ હોટલમાં બે ગે યુવકો એમ.ડી ડ્રગ્સ સપ્લાય કરવા માટે ગ્રાહકો શોધે છે.

જે બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ.જોષી અને તેમના સ્ટાફે દરોડો પાડયો હતો. જેમાં હોટલના ૧૦૭ નંબરના રૂમમાં અશોક ઉર્ફે કાજલ બેહરા અને કાલેજ ઉર્ફે પાયલ શેખ નામના ગે યુવકો ઝડપીને તેમની પાસેથી ૧૪ ગ્રામ જેટલો એમ.ડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.

# આઈ.આઈ.એમ. અમદાવાદ કેમ્પસમાં બે દિવસીય ડાક ટિકિટ પ્રદર્શની ‘સ્ટેમ્પ ફિયેસ્ટા-૨૦૨૫’ નો ઉદ્ઘાટન પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું

**શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં ફિલેટલીનું મહત્વનું યોગદાન છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**

I અમદાવાદ, તા.૩૦ I

ડાક ટિકિટ એ કોઈપણ દેશની સભ્યતા, સંસ્કૃતિ અને વારસાના વાહક છે. ડાક વિભાગ દ્વારા ડાક સેવાના ક્ષેત્રમાં ઘણા નવા પગલા લેવામાં આવી રહ્યા છે. તેનો ઉદ્દેશ્ય યુવાનોમાં સર્જનાત્મકતાના વિકાસની સાથે એ પણ છે કે યુવાનો આ ડાક ટિકિટો દ્વારા વિવિધ સમકાલીન વિષયો, ઘટનાઓ, દેશના વ્યક્તિત્વો, જૈવવિવિધતા વગેરેથી પરિચિત થઈ શકે. શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં ફિલેટલીનું મહત્વનું યોગદાન છે.ઉત્તર ગુજરાત પરીક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૯ માર્ચના રોજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM), અમદાવાદના ઓલ્ડ બિલ્ડીંગ કેમ્પસ ખાતે બે દિવસીય ફિલાટેલિક પ્રદર્શન ’સ્ટેમ્પ ફિએસ્ટા-૨૦૨૫’નું ઉદ્ઘાટન કરતી વખતે ઉપરોક્ત વિચારો વ્યક્ત કર્યા. પ્રદર્શનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સહિત વિવિધ મહાપુરુષો, ભારતીય સ્વતંત્રતા ચળવળ, ગુજરાતની સમૃદ્ધ વારસાગત સંસ્કૃતિ



હેન્ડલૂમ અને હેરિટેજના પ્રતિક રૂપે તેમજ રામાયણના વિવિધ પાસાઓ પર બહાર પાડવામાં આવેલી ડાક ટિકિટોએ લોકોનું ધ્યાન ખેંચ્યું. આ પ્રસંગે I.I.M, અમદાવાદના વિદ્યાર્થીઓએ સ્ટેમ્પ ફિયેસ્ટાની મુલાકાત લીધી હતી અને વિવિધ સ્ટેમ્પ વિશે જાણકારી મેળવી હતી. ફિલેટ્લી ડિપોઝીટ એકાઉન્ટ, માય સ્ટેમ્પ, દીન દયાલ સ્પર્શ સ્કોલરશીપ સ્કીમ, ઢાઈ અખર લેટર રાઈટિંગ કોમ્પીટીશન વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. માય સ્ટેમ્પ હેઠળ, પોસ્ટેજ સ્ટેમ્પ માં હવે લોકોના ફોટોગ્રાફસ પણ હોઈ શકે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક ટિકિટ ભૂતકાળને વર્તમાન સાથે જોડે છે. સમાજમાં થઈ રહેલા દૈનિક વિકાસને ડાક ટિકિટોના અરીસામાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. ડાક ટિકિટ સંગ્રહ "કિંગ ઓફ હોબી અને હોબી ઓફ કિંગ’’ તરીકે ઓળખાય છે, જેમાં જો કોઈ રસ ધરાવતું હોય, તો તે વિવિધ વિષયો પર ડાક ટિકિટો એકત્રિત કરી શકે છે. દરેક ડાક ટિકિટ પાછળ એક વાર્તા છુપાયેલી હોય છે અને આજની યુવા પેઢીને આ વાર્તા સાથે જોડવાની જરૂર છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ગુજરાતની ભૂમિ પર જન્મેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ વિશ્વને બતાવેલો માર્ગ આજે મેનેજમેન્ટ માટે અભ્યાસ અને સંશોધનનો વિષય બની ગયો છે. આ જ કારણ છે કે મહાત્મા ગાંધી પર વિશ્વમાં સૌથી વધુ ડાક ટિકિટો બહાર પાડવામાં આવી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સંદેશાવ્યવહારના બદલાતા યુગમાં, આજની યુવા પેઢી સોશિયલ મીડિયાને વધુ પ્રાધાન્ય આપી રહી છે, પરંતુ યુવાનોએ ચોક્કસપણે ફિલેટલી સાથે જોડાવવું જોઈએ, આનાથી તેમના સામાન્ય જ્ઞાનમાં પણ ઘણો વિકાસ થશે. આ સંદર્ભમાં, એક નવીન પહેલ તરીકે, ટપાલ વિભાગ વિવિધ શાળાઓમાં ડાક ટિકિટ ક્લબ ખોલી રહ્યું છે જેથી વિદ્યાર્થીઓમાં ડાક ટિકિટ સંગ્રહ પ્રત્યે રસ કેળવી શકાય. આનાથી વિદ્યાર્થીઓને તેમના શિક્ષણમાં પણ ફાયદો થશે. શિક્ષણ પ્રણાલીના મુખ્ય પ્રવાહમાં ફિલેટલીને પ્રોત્સાહન આપવા માટે, ડાક વિભાગ દ્વારા ૬ થી ૯ ધોરણના બાળકો માટે ૬૦૦૦/- રૂપિયાની વાર્ષિક "દીન દયાલ સ્પર્શ શિષ્યવૃતિ યોજના" પણ આરંભ કરવામાં આવી છે. અમદાવાદ સીટી મંડળના પ્રવર અધિક્ષક શ્રી વિકાસ પાલવેએ જણાવ્યું કે વિદ્યાર્થીઓમાં સ્ટેમ્પ સંગ્રહ પ્રત્યે રસ વિકસાવવા માટે ડાક વિભાગ વિવિધ શાળાઓમાં ફિલેટેલી ક્લબ ખોલી રહ્યું છે. ‘સ્ટેમ્પ ફિએસ્ટા’ જેવા પ્રદર્શનોનો ઉદ્દેશ્ય મેનેજમેન્ટ સાથે સંકળાયેલા યુવાનો અને વિદ્યાર્થીઓને ડાક ટિકિટના વિવિધ પાસાઓનો ઉજવણીત્મક રીતે પરિચય કરાવવાનો છે. આઈ. આઈ. એમ. ના દીક્ષાંત સમારોહમાં આવનારા બધા વિદ્યાર્થીઓ પણ તેમાં જોડાઈ શકશે.

આ પ્રસંગે અમદાવાદ સીટી મંડળના પ્રવર અધિક્ષક શ્રી વિકાસ પાલવે, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી એસ. ઓફ. વર્મા, આઈ. આઈ. એમ. પ્રોફેસર શ્રી સંજય વર્મા, સહાયક ડાક અધિક્ષક શ્રી અલ્કેશ પરમાર, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી એસ. એન. ઘોરી, ફિલેલિસ્ટ શ્રી વિજય નવલખા, આઈ.આઈ.એમ. ના પોસ્ટમાસ્ટર શ્રીમતી કૃતિ મહેતા, આઈ. પી.પી.બી. આસિસ્ટન્ટ મેનેજર શ્રીમતી મલિહા મિંતો સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ગરમીમાં શરીરને ઠંડક આપશે આ ૩ પાંદડા, કમળાથી અપાવશે રાહત

**પીપળાના પાનનો ઉપયોગ શીશમ અને બીલીના પાન સાથે કરવામાં આવે, તો તડકામાં પણ શરીરને ઠંડક મળે છે**



પીપળાના ઝાડને ઓક્સિજનનો મહત્વપૂર્ણ સ્ત્રોત માનવામાં આવે છે. અન્ય વૃક્ષોની તુલનામાં, તે ૨૪ કલાક ઓક્સિજન ઉત્સર્જિત કરે છે. તેના પાંદડા, છાલ અને બીજનો ઉપયોગ અનેક પ્રકારની સમસ્યાઓના ઉપચાર માટે થાય છે. જો ઉનાળામાં પીપળાના પાનનો ઉપયોગ શીશમ અને બીલીના પાન સાથે કરવામાં આવે, તો તડકામાં પણ શરીરને ઠંડક મળે છે. આ ઉપરાંત લિકોરિયા, વ્હાઈટ ડિસ્ચાર્જ, વધારે પરસેવો, પિત્ત અને નકસીર જેવી સમસ્યાઓથી સંપૂર્ણ રાહત મળે છે. ઉનાળામાં થતી આરોગ્ય સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે પીપળા, શીશમ અને બેલના પાન ખૂબ જ અસરકારક છે. પીપળાના ૧૫ નરમ પાનને એક ગ્લાસ પાણીમાં સારી રીતે ઉકાળો, જ્યાં સુધી તે એક તૃતીયાંશ ભાગનું ન રહી જાય. હવે તેને ઠંડુ કરીને ગાળી લો અને દર ૩ કલાકે પીવો. આવું કરવાથી હૃદય સંબંધિત રોગોનો ખતરો ઓછો થાય છે. જો તમને કમળાની સમસ્યા છે, તો પીપળાના ૫ નરમ પાનનો ઉકાળો તૈયાર કરો. તેમાં હળદર અને સાંકર મિક્સ કરીને દિવસમાં બે થી ત્રણ વાર પીવો. આવું કરવાથી કમળાની સમસ્યાથી છુટકારો મળી શકે છે.ઉનાળાના મોસમમાં જો તમે પીપળાના પાન સાથે શીશમ અને બીલીના પાન મિક્સ કરીને ઉકાળો બનાવો અને તેનું સેવન કરો. તેનાથી આગ વરસાવતા તડકામાં પણ શરીરનું તાપમાન નોર્મલ રહેશે અને તમને અંદરથી ઠંડકનો અનુભવ થશે. જો તમે લિકોરિયા, વ્હાઈટ ડિસ્ચાર્જ, વધારે પસીનો, પિત્તની વૃદ્ધિ અને નકસીર જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો. તો ઓછા પાણી સાથે પીપળા, શીશમ અને બીલીના ૩ થી ૫ પાનનો ઉપયોગ કરીને ઉકાળો બનાવો. દિવસમાં બે થી ત્રણ વાર તેને પીવો. આ જ રીતે જો તમે તેના પાનનું ચૂર્ણ બનાવીને દિવસમાં અડધા થી પાંચ ગ્રામની જ માત્રામાં સેવન કરો.

# તમારા બાળક માટે યોગ્ય ભોજનનું આયોજન કરવા ખોરાકનું માળખું સમજો

**બાળકને યોગ્ય રીતે વધવા અને વિકાસ કરવા માટે, કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, ચરબી, વિટામિન્સ, ખનિજો અને ફાઇબરની યોગ્ય માત્રા જરૂરી**

માતાપિતા તરીકે, તમારા બાળકની પોષણની જરૂરિયાતોનું ધ્યાન રાખતી વખતે, વસ્તુઓને વધારે પડતી કરવી અથવા જરૂરી કરતાં ઓછી કરવી એ ખૂબ સરળ છે. એટલા માટે જ્યાં સુધી સંતુલિત અને તંદુરસ્ત ભોજન પૂરું પાડવાનું હોય ત્યાં સુધી એક માળખાનો અભિગમ જરૂરી છે. અને અહીં બાળકો માટે ખોરાકનું માળખું મદદ કરી શકે છે. તે એક ગ્રાફિકલ રજૂઆત છે, એટલે કે, એક ત્રિકોણાકાર આકાર જે વિવિધ ખાદ્ય જૂથો અને દરેક ખાદ્ય જૂથની મહત્તમ માત્રાને દર્શાવે છે, જે દરરોજ ખાવામાં આવવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, ખોરાકના માળખાનો ચાર્ટ તમને તમારા બાળકના દૈનિક ધોરણે જરૂરી કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, ચરબી, વિટામિન્સ, ખનિજો અને ફાઈબરની યોગ્ય માત્રા વિશે વિગતવાર જ્ઞાન આપે છે. તેના આધારે તંદુરસ્ત ખોરાકનું આયોજન સરળતાથી તૈયાર કરી શકાય છે. ખોરાકનું માળખું "ચાર સ્તરો" માં વહેંચાયેલું છે, દરેક સ્તર એક ખોરાક જૂથની રજૂઆત કરે છે. તે આ પ્રમાણે છેઃ અનાજ, કઠોળ અને બાજરી, શાકભાજી અને ફળો, દૂધ અને દૂધ ઉત્પાદનો, ઈંડા, માંસ અને માછલી, તેલ અને ચરબી, બદામ- અખરોટ અને બિયાં સાથેનો દાણો; બાળકને યોગ્ય રીતે વધવા અને વિકાસ કરવા માટે, કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ચરબી, વિટામિન્સ, ખનિજો અને ફાઈબરની યોગ્ય માત્રા જરૂરી છે. તમારા બાળકની ઉંમર અને લિંગના આધારે આ દરેકની માત્રા અલગ અલગ હોય છે. ખોરાકનું માળખું માતાપિતા અને શિક્ષકોને માર્ગદર્શન આપી શકે છે અને તેમને આ જરૂરિયાતોને સમજવામાં મદદ કરી શકે છે. દાખલા તરીકે, તે તમને એ જાણવામાં મદદ કરી શકે છે કે સારી રીતે સંતુલિત ભોજનમાં ૩ થી ૫ કરતાં ઓછા ખોરાકના જૂથોનો સમાવેશ ન હોવા જોઈએ. કેવી રીતે ખોરાક જૂથો ગોઠવવામાં આવે છે? હવે તમે ખોરાક પિરામિડનું મહત્વ સમજી ગયા છો, અહીં ખોરાક જૂથો કેવી રીતે ગોઠવવામાં આવે છે તેના પર એક નજર કરીએ. જેમકે, તે એક ત્રિકોણાકાર માળખું છે, તેમાં ટોચનું સ્તર સૌથી વધુ સાંકડું છે, જે સૂચવે છે કે આ ખાદ્ય જૂથને ઓછા જથ્થામાં વપરાશ કરવાની જરૂર છે. સૌથી નીચેનો સ્તર મોટો અને પહોળો છે, જે



## કેવી રીતે ખોરાક જૂથો ગોઠવવામાં આવે છે?

સૂચવે છે કે આ ખોરાક જૂથને મોટા પ્રમાણમાં વપરાશ કરવાની જરૂર છે. ખોરાકના માળખાની (ઉપરથી નીચે સુધીની) વ્યવસ્થા, ટોચનું સ્તર એટલે કે. સાંકડું; ફેટ અને તેલ અને ખાંડ; બીજું સ્તરઃ માંસ, મરઘાં, માછલી, ઈંડા, બિયાં સાથેની બદામ- અખરોટ, ત્રીજું સ્તરઃ દૂધ અને દૂધ ઉત્પાદનો, ચોજું સ્તરઃ શાકભાજી અને ફળો, પાંચમુ સ્તર એટલે કે, મોટુ અને પહોળુંઃ આખા અનાજ, ખોરાકના જૂથો કેવી રીતે વાંચવા?, માળખાના આધાર પર, ખાદ્ય જૂથ આખા અનાજના છે. તંદુરસ્ત કાર્બોહાઈડ્રેટ અને ઊર્જા મેળવવા માટે આ ખોરાક જૂથને પૂરતા પ્રમાણમાં લેવાની જરૂર છે. ફળો અને શાકભાજી ચોથા સ્તર દ્વારા દર્શાવવામાં આવે છે, તે પણ વ્યાપક છે, કારણ કે તેઓ વિટામિન્સ, ખનિજો અને ફાઈબર મેળવવા માટે, પૂરતી માત્રામાં ખાવા જોઈએ. પશુ સ્ત્રોતો અને દૂધ-ઉત્પાદનો બીજા અને ત્રીજા સ્તરો દ્વારા દર્શાવવામાં આવે છે અને તેમને મધ્યમ માત્રામાં ખાવાની જરૂર છે. તમારા બાળકને કેલ્શિયમ જેવા આવશ્યક ખનિજો સાથે આમાંથી પ્રોટીન મળશે. ખોરાકના માળખાની ટોચ પર અત્યંત પ્રોસેસ્ડ ખોરાક છે એટલે કે, ચરબી અને ખાંડ, જે ઓછી માત્રામાં ઉપયોગ કરવો જોઈએ. જ્યારે વધુ પ્રમાણમાં આ ખોરાક ખાવામાં આવે છે ત્યારે તમારા બાળકના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે અને તેમની પ્રતિરક્ષા અને એકંદર વૃદ્ધિ અને વિકાસને અસર કરી શકે છે. ખોરાકના માળખા ઉપરાંત, તમારા બાળકને નિયમિત અનુશાસનથી કસરત કરવી અને શારીરિક રીતે સક્રિય રહેવું પણ મહત્વનું છે. ખાતરી કરો કે તે અથવા તેણી હાઈડ્રેશન માટે પુષ્કળ પાણી પીવે છે. ખોરાકના માળખા અનુસાર આહાર આયોજનઃ ખાતરી કરો કે તમારા બાળકના ખોરાકમાં ખાંડ, મીઠું અને ફેટ ખૂબ ઓછી માત્રામાં છે. તે હાંસલ કરવા માટે જંક ફૂડથી દૂર રહેવું એ એક સારો માર્ગ છે. સારું પ્રોટીન આપવા માટે, અઠવાડિયામાં ઓછામાં ઓછા એક કે બે વાર તેલયુક્ત માછલી, ઈંડા, ચિકન, દૂધ અને દૂધના ઉત્પાદનો, બિયાં સાથેનો દાણો, બદામ-અખરોટ વગેરે પ્રદાન કરો. નાના ચાલવા શીખતા બાળક માટે સંપૂર્ણ ચરબીયુક્ત દૂધ અને ડેરી ઉત્પાદનોનો ઉપયોગ કરવો જોઈએ.

# ગરમીના રોજિંદા જિંદગીમાં મોજ મસ્તી કેવી રીતે જાળવશો?

**બાળકોને પાર્કમાં લઇ જાઓ, તેમના માટે મજા વાળું વિદેશી મનોરંજન બનાવો**

ગરમીનો મોસમ ત્યારે જ મજા દેતા સમયે બની શકે છે જ્યારે આપણે તેને ખૂણાવ્યા વગર, મોજ અને મસ્તી સાથે જીવતા હોવીએ. થોડુંક દયાળુ અને ક્રિએટિવ વિચારણું ગમે ત્યારે ગરમીના દિવસોને યાદગાર બનાવી શકે છે. આ લેખમાં, આપણે જાણશું કે કેવી રીતે ગરમીના દિવસોમાં મજા અને આનંદમાં વધારો કરી શકાય, અને તમારા દિનચર્યા અને પરિવાર સાથે મસ્તીભર્યા દિવસો બનાવી શકાય. ગરમીમાં આઉટડોર એન્જોય કરવો એક અનોખું અનુભવ છે. એ શ્રેષ્ઠ મોજ અને મસ્તી એવી છે જે આપણી વચ્ચે ભવિષ્યમાં આરામદાયક મનોરંજન બનાવી શકે છે. એક બારબેક્યુ પાર્ટી યોજો અને ફેમિલી સાથે મજા કરો. ગરમીમાં હલકાં પોણા અને પાતળા મજાની માવજત સાથે દિવસનો અંત સુંદર બનાવો. બાળકોને પાર્કમાં લઈ જાઓ અને તેમના માટે મજા વાળું વિદેશી મનોરંજન બનાવો. ઉદાહરણ તરીકે, રમતો, બાસ્કેટબોલ, સાયકલિંગ, અને તરંગ અને કૂદકા માટે સેફ એરીઆમાં જાયને મસ્તીભરું દિવસ પસાર કરો. ઘરના બહાર એન્ટિ-સ્ટ્રેસ મેડિટેશન અથવા યોગ સત્રો યોજો. સવારનો સમય આરામ અને સ્વાસ્થ્ય માટે શાંત અને સંયમિત રાખી મનોરંજનનો સંકલન કરો. ગરમીના દિવસોમાં સ્વાદિષ્ટ પીણાં બનાવવાની મજા સાથે મનોરંજન વધારવામાં આવે છે. એક સ્વાદિષ્ટ આઈસ કેફે, મોગરો કે લેમોનેડ તેમજ બ્લૂઝ લેડી જેવા મજબૂત વિવિધ મજાની શોધો! મિત્રો અને પરિવાર સાથે તમારા મજા ભરેલા પળોની ફોટોગ્રાફી કરો. એક મજા દિવસ અને મસ્તી ભરેલા પળોને ફોટોગ્રાફી અને વિડિયો દ્વારા હાયલાઈટ કરો. ઘરના બહાર યાત્રાઓ જેવી મજા પણ આવે છે. બાસ્કેટબોલ અથવા ફ્લેટ પુલ પર યોજનાની મજા. ગરમીના દિવસો મસ્તીથી ભરેલા હોઈ શકે છે, પરંતુ ઠંડા માટે મફત રીતે વિડિયો જોવા સાથે મજા કરો. ઉનાળાની ગરમીમાં પણ જીવનને આનંદમય બનાવી શકાય છે. થોડી રચનાત્મકતા અને આયોજનથી તમે તમારા પરિવાર સાથે મસ્તીભર્યા દિવસો વિતાવી શકો છો. ઉનાળાની ગરમીમાં પણ જીવનને આનંદમય બનાવી શકાય છે. થોડી રચનાત્મકતા અને આયોજનથી તમે તમારા પરિવાર સાથે મસ્તીભર્યા દિવસો વિતાવી શકો છો. ઉનાળાની ગરમીમાં પણ જીવનને આનંદમય બનાવી શકાય છે. થોડી રચનાત્મકતા અને આયોજનથી તમે તમારા પરિવાર સાથે મસ્તીભર્યા દિવસો વિતાવી શકો છો.

# ટેટૂ બનાવવાનો શોખ પડી શકે છે ભારે, લોકો બની રહ્યા છે આ જીવલેણ બીમારીના શિકાર

જો તમે શરીર પર ટેટૂ બનાવવાનો શોખ રાખો છો અથવા ટેટૂ બનાવાવી રહ્યા છો, તો સાવચેત રહો. ક્યાંક આ હાથ પર કે શરીર પર બનાવેલું ટેટૂ તમારી જિંદગી માટે મુશ્કેલી ન બની જાય, કારણ કે જોવા મળ્યું છે કે, મોટાભાગના ટેટૂ બનાવનારા લોકો ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. ટેટૂ બનાવનારા લોકોમાં મોટાભાગે HIV પોઝિટિવ મળી રહ્યા છે, કારણ કે ટેટૂ બનાવતી વખતે લોકો ધ્યાન નથી આપતા કે ટેટૂ બનાવનાર વ્યક્તિ નવી સોયનો ઉપયોગ કરી રહ્યો છે કે નહીં. જો કોઈ વ્યક્તિ HIV પોઝિટિવ છે અને તેના શરીર પર ટેટૂ બનાવતી વખતે સોયનો ઉપયોગ થયો છે અને આ સોયથી તમારા શરીર પર ટેટૂ બનાવવામાં આવી રહ્યો છે, તો તમે HIV પોઝિટિવ થઈ શકો છો અને આ તમારી જિંદગી માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. એવામાં જો તમે ટેટૂ બનાવવાની વિચારણા કરી રહ્યા છો, તો ટેટૂ બનાવતા



પહેલા ખાતરી કરો કે, ટેટૂ બનાવનાર વ્યક્તિ નવી સોયનો ઉપયોગ કરી રહ્યો છે કે નહીં. જો તે જૂની સોયનો ઉપયોગ કરી રહ્યા છો, તો ટેટૂ ક્યારેય ન બનાવવા, કારણ કે આ ટેટૂ તમારા માટે ખૂબ જ નુકસાનકારક થઈ શકે છે. શક્ય હોય તો શરીર પર કોઈપણ પ્રકારના ટેટૂ ન બનાવવાની કોશિશ કરો.

# દિવસે કે રાત્રે, ઠંડુ કે ગરમ, ક્યારે અને કેવી રીતે કરવું જોઈએ દૂધનું સેવન?

ભલે લંચ હોય કે ડિનર, ભારતીય પરિવારોમાં ભોજન પછી દૂધ પીવાની પરંપરા રહી છે. દૂધને સંપૂર્ણ આહાર માનવામાં આવે છે, પરંતુ જો તેને યોગ્ય રીતે ન પીવામાં આવે તો તે આરોગ્યને નુકસાન પહોંચાડી શકે છે. ઘણા લોકો દૂધ પીવામાં ઉતાવળ કરે છે અને તેને ક્યારેય પણ, ક્યાંય પણ પી લે છે. ડૉ. રાસ બિહારી તિવારીએ જણાવ્યું કે, દૂધ પીવાના કેટલાક નિયમો હોય છે, જેમને ધ્યાનમાં રાખીને જ તેનું સેવન કરવું જોઈએ. તેમણે કહ્યું કે, દૂધ પીવાનો સમય, તાપમાન, તેમાં ઉમેરવામાં આવતી વસ્તુઓ અને ખાવાની સાથે તેનો તાલમેલ ખૂબ જ મહત્વનો છે. જો આ બાબતોનું ધ્યાન ન રાખવામાં આવે તો દૂધ લાભને બદલે નુકસાન પહોંચાડી શકે છે. દૂધ હંમેશા હળવું ગરમ કરીને જ પીવું જોઈએ. ઠંડુ દૂધ પાચનતંત્રને અસર કરે છે અને પેટમાં ગેસ, અપચો જેવી સમસ્યાઓ ઊભી કરી શકે છે. તેમણે કહ્યું કે, દૂધ પીવાનો યોગ્ય સમય રાત્રે માનવામાં આવે છે. દિવસે દૂધ પીવું ઊંઘ અને પાચન પર અસર કરી શકે છે. દૂધ સાથે ક્યારેય પણ ખાટી વસ્તુઓ, જેમ કે લીંબુ, દહીં કે અથાણું ન લો. આનાથી દૂધના તત્વો શરીરમાં પચતા નથી અને એલર્જી કે પેટ ખરાબ થવાની શક્યતા રહે છે. તેમણે કહ્યું કે, દૂધમાં મધ કે હળદર ઉમેરીને પીવું આરોગ્ય માટે ફાયદાકારક છે. સૌથી મહત્વની વાત એ છે કે દૂધને ઉતાવળમાં ન પીવું જોઈએ. ધીમે-ધીમે ચા જેવી નાની ઘૂંટડામાં પીવું જોઈએ, જેથી તે સારી રીતે પચી શકે અને શરીરને સંપૂર્ણ પોષણ આપી શકે છે. ઘણા લોકો દૂધ સાથે ફળ કે દવાઓ પણ લઈ લે છે, જે ખોટું છે. દૂધ અને ફળ વચ્ચે ઓછામાં ઓછા એક કલાકનું અંતર રાખવું જોઈએ. આ જ રીતે, દવાઓ સાથે દૂધ પીતા પહેલા ડૉક્ટરની સલાહ જરૂર લેવી જોઈએ. કુલ મળીને, દૂધ પીવું આરોગ્ય માટે લાભકારી છે, પરંતુ જો આ બાબતોનું ધ્યાન ન રાખવામાં આવે તો તે નુકસાન પણ કરી શકે છે.

# ગરમીમાં બાળકોને રાખો સ્વસ્થ અને એનર્જેટિક, કોલ્ડ ડ્રિંક્સની જગ્યાએ આપો ખાસ જ્યૂસ!



ગરમીમાં બાળકોને રાખો સ્વસ્થ અને એનર્જેટિક, કોલ્ડ ડ્રિંક્સની જગ્યાએ આપો આ ખાસ જ્યૂસ! ઉનાળાની સિઝન શરૂ થઈ ગઈ છે. આ સમયે બાળકોને રંગબેરંગી કોલ્ડ ડ્રિંક્સની જગ્યાએ ફળોના જ્યૂસ આપો, જેથી બાળકો હેલ્ધી રહે. આ ફળોના જ્યૂસમાં ઘણા વિટામિન્સ અને મિનરલ્સ હોય છે. ઉનાળાની સિઝનમાં કોલ્ડ ડ્રિંક્સનું સેવન સામાન્ય છે, પરંતુ બાળકો માટે કોલ્ડ ડ્રિંક્સ કરતાં ફળોના તાજા જ્યૂસ વધુ ફાયદાકારક હોય છે. તેમાં માત્ર સ્વાદ જ નથી, પણ તે આરોગ્ય માટે પણ ખૂબ જ લાભકારી હોય છે. આ જ્યૂસ બાળકોને તાજગી આપે છે અને તેમની ઈમ્યુનિટી પણ વધારે છે, જેથી તેઓ ઉનાળાની મોસમમાં પણ હેલ્ધી અને એક્ટિવ રહી શકે છે. તો ચાલો જાણીએ કે, ઉનાળામાં બાળકોને કયા ખાસ જ્યૂસ આપવાથી આરોગ્ય માટે ફાયદાકારક છે. ઉનાળામાં શરીરને ઠંડક અને હાઈડ્રેશનની જરૂર હોય છે અને તરબૂચનો જ્યૂસ આ કામ બખૂબી કરે છે. તે શરીરને ઠંડુ રાખે છે અને ડિહાઈડ્રેશનથી બચાવે છે. આ ઉપરાંત, તરબૂચમાં લાઈકોપીન અને વિટામિન C હોય છે, જે ઈમ્યુન સિસ્ટમને મજબૂત કરે છે. ઉનાળામાં કેરીના જ્યૂસથી બાળકોની મનપસંદ ડ્રિંક્સ બની શકે છે. તે વિટામિન છ અને ઝનો સારો સ્ત્રોત છે, જે ત્વચા અને આંખો માટે ફાયદાકારક છે. કેરીના જ્યૂસમાં મધ મિક્સ કરીને તેને વધુ પૌષ્ટિક બનાવી શકાય છે. નાળિયેર પાણીનો જ્યૂસ માત્ર શરીરને ઠંડક જ આપતો નથી, પણ તે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ્સની ઉણપને પણ પૂરી કરે છે. તે બાળકોને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે અને તેમના પાચનને પણ સુધારે છે. તેના સેવનથી બાળકોને એનર્જી મળે છે અને તેઓ તાજગી અનુભવે છે. નારંગીનો જ્યૂસ વિટામિન Cથી ભરપૂર હોય છે, જે બાળકોની પ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત, નારંગીનો જ્યૂસ હાઈડ્રેટેડ રાખવામાં પણ મદદ કરે છે. તમે બાળકોને આ ઉનાળામાં નારંગીનો જ્યૂસ આપો.

# ઉનાળામાં ફાયદાકારક છે દૂધમાંથી બનેલી આ વસ્તુનું સેવન



ઉનાળામાં દહીંનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તેનું સેવન કરવાથી તમે અનેક પ્રકારની બીમારીઓથી બચી શકો છો અને તમારા સ્વાસ્થ્યને પણ સારું રાખી શકો છો. ઉનાળામાં દહીં ખાવાથી ઘણા ફાયદા થાય છે. ઉનાળાના મોસમમાં લોકો દહીંનું સેવન કરે છે. દહીંનું સેવન કરવાથી તમે ઘણી બિમારીઓથી બચી શકો છો. ઉનાળાના મોસમમાં દહીં ખાવાથી શરીરને ઠંડક મળે છે. ઉનાળાના મોસમમાં દહીં ખાવાથી શરીરને ઠંડક મળે છે, પાચન તંત્ર મજબૂત બને છે, અને શરીરને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે. દહીંની તાસીર ઠંડી હોય છે, જે ઉનાળામાં શરીરને ઠંડુ રાખવામાં મદદ કરે છે. દહીંમાં પ્રોબાયોટિક્સ હોય છે, જે પાચન તંત્રને મજબૂત બનાવવામાં મદદ કરે છે. ઉનાળાના મોસમમાં ઠંડી વસ્તુઓનું સેવન કરવું જોઈએ, જેમાં દહીં એક સારો વિકલ્પ છે. દહીંમાં પાણીની માત્રા વધુ હોય છે. જેથી તે શરીરમાં પાણીની ઉણપ દૂર કરે છે. દહીં ખાવાથી ઉનાળાના મોસમમાં પેટ સારું રહે છે. આ મોસમમાં મસાલેદાર ખાવાથી પેટ ખરાબ થવાની સમસ્યા થાય છે. આવા સમયે દહીંનું સેવન કરવાથી પેટ સારું રહે છે. તેથી, તેને તમારા ડાયેટમાં સામેલ કરો. ઉનાળાના મોસમમાં લૂ લાગવાનો ખતરો વધે છે. આવા સમયે દહીંનું સેવન કરવાથી ન માત્ર લૂ લાગતી નથી, પણ શરીરને પણ ઠંડુ રાખવામાં મદદ કરે છે. તમે દહીંને લસ્સી તરીકે પણ પી શકો છો. આમ, દહીંનું સેવન ઘણું લાભદાયી છે.

## તંત્રી લેખ...

# અનપેક્ષિત જળવાયુ પરિવર્તનની વધતી ઘટનાઓ

આ વખતે હોળીના દિવસથી જ ભારત સહિત વિભિન્ન દેશોમાં જળવાયુ પ્રતિકૂળ બનવાનું શરૂ થઈ ગયું છે. પરિણામે જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડની સંપૂર્ણ પર્વતમાળાના ઊંચાં શિખરો પર થયેલ હિમપાત, વરસાદ, તોફાનો તથા જળવાયુ ફરી અસ્થિર થઈ ગયા છે. હોળીના દિવસે સાંજથી શરૂ થયેલ આવું અનપેક્ષિત જળવાયુ પરિવર્તન આ પહેલાં કદાચ જ ક્યારેય બન્યું હશે. આવું પરિવર્તન વાયુમંડળની વાતાનુકૂલન સ્થિતિને ધ્વસ્ત કરી રહ્યું છે. આ દુષ્ચક્ર છેલ્લા દસ-પંદર વર્ષોથી તીવ્રતાપૂર્વક અપ્રગટ રીતે ફરી રહ્યું છે. એના પર આધુનિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનું કોઈ નિયંત્રણ નથી. આ મનુષ્યના અલ્પાવધિના જીવનને પણ માત્ર મુશ્કેલીઓ, સમસ્યાઓ અને પીડાઓથી ઘેરી રહ્યું છે. પહાડી વિસ્તારોમાં ધૂળેટીના દિવસે રાત્રે ૧૨ વાગ્યાથી લઈને બીજા દિવસે સવારે ૯ વાગ્યા સુધી ભયંકર ઝડપી પવનો, તોફાન અને વાદળ ગરજવાની ઘટનાઓ બની હતી. આ પારિસ્થિતિકી અસંતુલન ભારતના વાયુમંડળ સુધી જ સીમિત ન હતું. આ જ સમયાવધિમાં અમેરિકાના મધ્ય-પશ્ચિમી અને દક્ષિણી ક્ષેત્રના મિસૌરી, આર્કાન્સાસ, ટેક્સાસ, ઓક્લાહોમા, કંસાસ અને મિસિસિપીમાં પણ આંધીતોફાન, વરસાદ-હવાઓને કારણે ૩૪ લોકો માર્યા ગયા અને ૨૯ ઘાયલ થઈ ગયા. અમેરિકાના આ ક્ષેત્રોમાં પણ એવો જ અગ્નિદ્ધ ભડકેલો છે. જેવો જાન્યુઆરીમાં કેલિફોર્નિયાના જંગલોમાં હતો. હવાઓથી અગ્નિદ્ધનો તીવ્ર પ્રસાર થઈ રહ્યો છે.

## ધરતી આબા ટ્રાઈબપ્રેન્યોર્સ ૨૦૨૫: આદિવાસી ગૌરવ વર્ષ હેઠળની રાષ્ટ્રીય પહેલ

### એસટી ઉદ્યોગ સાહસિકોને સશક્ત બનાવવા: સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫માં ૪૫થી વધુ ટ્રાઇબલ સ્ટાર્ટઅપ્સ ચમકશે

ભારત સરકારનું આદિજાતિ બાબતોનું મંત્રાલય (MoTA) ધરતી આબા ટ્રાઈબપ્રેન્યોર ૨૦૨૫ મારફતે ઉભરતી અને સ્થાપિત અનુસૂચિત જનજાતિ (ST) ઉદ્યોગસાહસિકો માટે એક પરિવર્તનકારી મંચ પ્રદાન કરવા જઈ રહ્યું છે. ૩ થી ૫ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારા સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ના ભાગરૂપે, આ પહેલ ભારતના સૌથી આશાસ્પદ સ્ટાર્ટઅપ્સને એકસાથે લાવશે, જે એસટી ઉદ્યોગસાહસિકોને ઉદ્યોગના નેતાઓ, વેન્ચર કેપિટલિસ્ટ્સ અને ઈમ્પેક્ટ ઈન્વેસ્ટર્સને અપ્રતિમ સંપર્ક પ્રદાન કરશે - સર્વસમાવેશક આર્થિક વિકાસ અને સશક્તીકરણને પ્રોત્સાહન આપશે. આદિજાતિ ગૌરવ વર્ષ: ભગવાન બિરસા મુંડાના વારસાનું સન્માન, ધરતી આબા ટ્રાઈબપ્રેન્યોર્સ ૨૦૨૫ જનજાતીય ગૌરવ વર્ષ હેઠળ એક મુખ્ય પહેલ છે, જે આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની અને નેતા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરે છે. ભારત સરકાર આ વર્ષે આદિવાસી ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત કરી રહી છે. સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ દ્વારા આદિવાસી ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવીને, MoTA એ ભગવાન બિરસા મુંડાના આત્મનિર્ભર અને સશક્ત આદિવાસી સમુદાયના દ્રષ્ટિકોણને મજબૂત કરી રહ્યું છે. આદિજાતિ ઉદ્યોગસાહસિકતા માટે એક મુખ્ય પ્રોત્સાહક, આદિજાતિ બાબતોનું મંત્રાલય આદિજાતિ સમુદાયોને સશક્ત બનાવવાની તેની પ્રતિબદ્ધતામાં અડગ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત (આત્મનિર્ભર ભારત) અને આત્મ નિર્ભર આદિવાસીઓના વિઝન પર સતત ભાર મૂક્યો છે. આ વિઝનને અનુરૂપ, MoTAના ૧૦૦-દિવસના એજન્ડા હેઠળ અનુસૂચિત જનજાતિઓ માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવી એ એક મહત્વપૂર્ણ પહેલ છે. આ પરિવર્તનને આગળ ધપાવવા માટે, MOTA એ ઊંડી અને કાયમી અસરને સુનિશ્ચિત કરવા માટે આઈઆઈએમ કલકત્તા, આઈઆઈટી દિલ્હી, આઈએફસીઆઈ વેન્ચર કેપિટલ ફંડ્સ લિમિટેડ અને અગ્રણી ઉદ્યોગ સંગઠનો જેવી અગ્રણી ઔદ્યોગિક સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે. આ યાત્રામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ અનુસૂચિત જનજાતિઓ માટે વેન્ચર કેપિટલ ફંડની સ્થાપના છે, જેમાં રૂ. ૫૦ કરોડનું પ્રારંભિક ભંડોળ છે, જે આદિજાતિ સમુદાયોમાં ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. આદિજાતિ ઉદ્યોગસાહસિકો સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫માં સેન્ટર સ્ટેજ લેશે, આ વિઝનને અનુરૂપ, એસટી ઉદ્યોગસાહસિકો દ્વારા સ્થાપિત ૪૫+ સ્ટાર્ટઅપ્સ, જેમાં આઈઆઈએમ કલકત્તા, આઈઆઈએમ કાશીપુર અને આઈઆઈટી ભિલાઈમાં ઈન્ક્યુબેટ કરેલા સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે, સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫માં ભાગ લેવાની તૈયારીમાં છે. આમાંના કેટલાક સ્ટાર્ટઅપ્સે પહેલેથી જ આઈએફસીઆઈ વેન્ચર કેપિટલ પાસેથી ભંડોળ મેળવ્યું છે. સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫માં, આ આદિવાસી ઉદ્યોગસાહસિકો: સમર્પિત સ્ટોલ્સ પર તેમની નવીનતાઓ પ્રદર્શિત કરશે. ટોચના રોકાણકારો સાથેનું નેટવર્ક અને ભંડોળની તકોનું અન્વેષણ કરશે. યુનિકોર્નના સ્થાપકો, સાહસ મૂડીવાદીઓ અને સ્ટાર્ટઅપ લીડર્સને દર્શાવતા ટેકનિકલ સત્રોમાં જોડવા. નવીનતા, સર્વસમાવેશકતા અને બજારના વિસ્તરણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે, ધરતી આબા ટ્રાઈબપ્રેન્યોર્સ ૨૦૨૫ આદિજાતિની આગેવાની હેઠળના સાહસો માટે લોન્ચપેડ તરીકે સેવા આપશે, જે તેમને માર્ગદર્શન, વ્યૂહાત્મક નેટવર્કિંગ અને રોકાણની તકો સુરક્ષિત કરવામાં મદદ કરશે. આદિવાસી નવપ્રવર્તકોની આગામી પેઢીને પોષવી, યુવા આદિવાસી માનસને પ્રેરિત કરવા અને તાલીમ આપવા માટે MoTA સુવિધા પ્રદાન કરે છે: એકલવ્ય મોડેલ hurસડેન્શિયલ સ્કૂલ્સ (ઈએમઆરએસ)ના ૧૦૦ વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ મહાકુંભમાં ભાગ લેશે અને આઈઆઈટી દિલ્હીમાં સ્પેશિયલ બૂટ કેમ્પ કરશે. ૧૫૦ આદિવાસી વિદ્યાર્થીઓ એ ભારતના સમૃદ્ધ સ્ટાર્ટઅપ લેન્ડસ્કેપનો પ્રત્યક્ષ સંપર્ક મેળવવા માટે શિષ્યવૃત્તિનો લાભ લીધો છે. ૫૦ એસ.ટી. ઉદ્યોગસાહસિકોને ઉન્નત ભારત અભિયાનના રોકાણકારો સાથે વાતચીત કરવા માટે, સર્વસમાવેશક વૃદ્ધિ માટે પ્રતિબદ્ધતા, આદિજાતિ બાબતોના મંત્રી શ્રી જુઆલ ઓરામે આ પહેલના મહત્ત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે, "આદિવાસી ઉદ્યોગસાહસિકો આપણા દેશની સાંસ્કૃતિક અને આર્થિક વિરાસતની કરોડરજ્જુ છે. સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ મારફતે અમે તેમને મૂડી, માર્ગદર્શન અને નેટવર્કિંગની તકો સુધી પહોંચવાની અપ્રતિમ તક પ્રદાન કરી રહ્યા છીએ.

**ચક્ર વિશે વાત કરીએ એ પહેલા ગઈકાલે જેમ આપણે વાત કરી હતી કે મનુષ્ય શરીરમાં ઓછામાં ઓછી ૭૨૦૦ નાડી હોય છે**

# પૃથ્વી તત્વ પર નિર્ભર રહેલાં મૂલાધાર ચક્રનાં બીજમંત્રનો જાપ કરી ધૈર્ય-સ્થિરતા મેળવીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કુંડલીની જાગરણ એ યોગ અને તંત્ર વિદ્યાથી સિદ્ધ થતો ભારતીય અધ્યાત્મનો એક બહુ અભીભૂત કરનારો પ્રયોગ છે, પરંતુ એ જટિલ અધ્યાત્મ છે. એટલે કે સીધા સાદા દરેક સંસારી માનવીથી થાય એમ નથી, એની માટે અષ્ટાંગ યોગના દરેક અંગોનો અભ્યાસ જરૂરી છે.**

ચૈત્રી નવરાત્રીનાં બીજા દિવસે મા બ્રહ્મચારિણીને નમન કરીએ, અને આપણી આ કાલીઘેલી ભાષામાં આદરેલુ વ્રત સ્વીકારે એવી પ્રાર્થના કરીએ. ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે, અને હિન્દુ સનાતન ધર્મનું પણ નવું વર્ષ શરૂ થતું હોવાથી, સનાતન ધર્મનાં કેટલાયે સિદ્ધ પુરુષો, બુદ્ધ પુરુષો, અને ઋષિમુનિઓએ સમસ્ત વિશ્વમાં શાંતિનું વાતાવરણ બને, એ માટે પોતપોતાની રીતે અનુષ્ઠાનનો પ્રારંભ કરી દીધો હશે. આપણે પણ જીવ સહજ ભાવનાથી જરાક ઉપર ઉઠીએ તો સંસારી અને ભોગીની શ્રેણીમાંથી ઉપર ઉઠી અને યોગી થવાં તરફ પ્રયાણ કરી શકાય, એ માટે આ કુંડલીની જાગરણની શાસ્ત્રીય રીતે સાત્વિક તાત્વિક જાણકારી અને એનો આપણે અમલમાં મૂકી શકાય એવો સરળ અર્થ કરી, અને આ ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાનનો આરંભ કર્યો છે. ભગવત ગીતામાં ભગવાન યોગ યોગેશ્વર કૃષ્ણએ પણ કહ્યું છે કે નિત્ય સંન્યાસી એ છે, જે પોતાને દરેક પરિસ્થિતિમાં સમ રાખી શકે! અને સમ રહી માનવ સહજ ઉદારતા, શૂરવીરતા, માનવતાવાદી, તેમજ સહિષ્ણુતાના ગુણોને ખીલવી જીવનને નિર્મળ અને પવિત્ર બનાવી શકે. આપણામાં આ ચારે ચાર ગુણ આજે પણ છે પરંતુ આપણી એને જોવાની દ્રષ્ટિ બદલાઈ ગઈ છે. ઉદાર આપણે અન્ય માટે બનવાનું હતું એની બદલે ખુદ માટે બની ગયાં. એટલે કે આપણી ભૂલોને ઉદારતાથી આપણે માફ કરી એ તરફ દુર્લક્ષ સેવ્યું! શૂરવીરતા એટલે કે દિન દરિદ્ર અથવાતો જેની સહાય, કે પછી પરિવાર, સમાજ, કે દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના કેળવવાની હતી, પણ આપણે આપણી જરૂરિયાતનો જંગ ખેલતાં રહ્યાં! અને એટલે જ સતત હું અને મારું એમાં માનવતા પણ વિસરાઈ ગઈ. પોતાની જાત પર સંયમ રાખી સહિષ્ણુતા બતાવવાની હતી, પણ આપણે તો આપણા ધર્મ પર પ્રહારો થયાં છતાં સહિષ્ણુ બની તમાશો જોતા રહ્યાં! ખેર જે થવાનું હતું તે થઈ ગયું! પણ હજી પસ્તાવો થતો હોય અને યુગ નિર્માણ કે વૈશ્વિક શાંતિ કે પછી તૂટતી જતી પરિવાર વ્યવસ્થા બચાવવા માટે આપણાથી કંઈક થાય એવું જો ખરેખર ઈચ્છતા હોઈએ તો આ નવરાત્રિ એ ખુદ માટે કોઈ સિદ્ધીનો મનોરથ ત્યજીને મા જગદંબા ને ચરણે જવું પડશે. કુંડલીની જાગરણ એ યોગ અને તંત્ર વિદ્યાથી સિદ્ધ થતો ભારતીય અધ્યાત્મનો એક બહુ અભીભૂત કરનારો પ્રયોગ છે, પરંતુ એ જટિલ અધ્યાત્મ છે. એટલે કે સીધા સાદા દરેક સંસારી માનવીથી થાય એમ નથી. એની માટે અષ્ટાંગ યોગના દરેક અંગોનો અભ્યાસ જરૂરી છે. પરંતુ કુંડલિની જાગરણની શરુઆત પણ પ્રાણાયામથી જ બતાવી છે, અને પ્રાણાયામમાં પણ અનલોમ વિલોમની જે સૌથી સરળ પ્રક્રિયા છે, એમાં પ્રેરક કુંભક અને રેચકનાં જે ત્રણ આયામ બતાવ્યા છે, એમાં કુંભક એટલે કે શ્વાસને અંદર ટકાવી રાખવાની જે ક્રિયા છે, એ જેટલી લાંબી ચાલે તેમ તમે પ્રાણ ઊર્જાને સ્થિર કરી ઉપરની તરફ લઈ જઈ શકવામાં સફળ થાવ !: આ એક સીધુ સાદુ અને દરેક જણ સમજી શકે એવું નિવેદન છે. આયામનો સીધોસાદો અર્થ કરીએ તો વિસ્તાર થાય, એટલે પ્રાણને આ ત્રણ મહત્વના મોડ પર લાવી એને ઉર્ધ્વ ગમન કરાવવાં ખેંચવાનો પછી રોકવાનો અને પછી ધીરેધીરે છોડવાનો! આ આખી પ્રક્રિયાને અનુલોમ વિલોમ કહેવામાં આવે છે, અને મૂલાધાર ચક્ર એટલે પહેલાં ચક્રથી આ પ્રાણ ઉર્જા કે પ્રાણ શક્તિને એક એક ચક્રમાંથી પસાર કરી છેક ઉપરના એટલે બ્રહ્મરંધ્ર સુધી લાવી સહસ્રાર ચક્ર પર સ્થિર કરવી કે પછી અસ્તિત્વમાં રહેલ પરમ શક્તિ સાથે જોડી દેવી આ આખી જે સફર છે તેને અધ્યાત્મમાં કુંડલિની જાગરણ કહે છે. આપણે ગઈકાલે વાત કરી હતી તેમ કુંડલીની જાગરણની આખી યોગ પ્રક્રિયામાં સાત ચક્રો આવેલા છે, એમાંના પહેલા ચક્ર વિશેની પ્રાથમિકતા શું છે તે જોઈએ. પરંતુ ચક્ર વિશે વાત કરીએ એ પહેલા ગઈકાલે જેમ આપણે વાત કરી હતી કે મનુષ્ય શરીરમાં ઓછામાં ઓછી ૭૨૦૦ નાડી હોય છે, અને એમાં ત્રણ નાડી એવી છે, કે જે આ કુંડલીની જાગરણ માટે મહત્વની છે, અને ઈડા પિંગળા અને સુષુમ્ણા એ આ ત્રણ નાડી ના નામ છે. ઈડાને ચંદ્ર નાડી પિંગળાને સૂર્યનાડી અને બ્રહ્મનાડી કહેવામાં આવે છે. ચંદ્ર નાડી ઠંડી ઉર્જા એટલે કે નેગેટિવ ઉર્જા આપે છે, સૂર્યનાડી ઉષ્ણ એટલે કે પોઝિટિવ ઉર્જા આપે છે, અને જેમ ગંગા યમુના બે નદીના મિલન એટલે કે પ્રયાગે ત્રીજી નદી સરસ્વતી ઉદ્ભવે છે, એમ આ બંનેના અમુક અમુક ગુણ ભેગા થઈને ત્રીજી નાડી સુષુમ્ણા કે જે કરોડરજ્જુના ૩૩ મણકામાંથી પસાર થઈ અને મસ્તિષ્ક એટલે કે બ્રહ્મ રંધ્ર સુધી જાય છે. પરંતુ સુષુમ્ણા એ તેના નામ પ્રમાણે સુષુપ્ત હોય છે, અને મુલાધાર પાસે સર્પ જેમ કુંડલી મારીને બેઠો હોય એમ આ નાડીમાં આ શક્તિ કુંડલી મારીને બેઠી હોય છે, અને એને યોગ પ્રક્રિયાથી જગાડવાની હોય છે, અને એટલે અહીં જાગરણ શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. મૂલાધાર ચક્રઃ માનવ શરીરમાં ગુદા દ્વાર આસપાસ એટલે કે મૂલાધાર ચક્ર પેરીનિયમ પર સ્થિત છે, મલ દ્વાર અને જનન અંગો વચ્ચેની જગ્યા. આ શરીરનું સૌથી મૂળ ચક્ર છે. તેનો રંગ લાલ છે, અને ચાર પાંખડી વાળા કમળનું ચિન્હ બતાવાયું છે. આ ચક્રનો બીજ મંત્ર 'લં' છે અને પૃથ્વી તત્વથી બનેલું છે, તદ ઉપરાંત આ ચક્ર ના દેવતા ગણેશ છે. કુંડલિની જાગરણ કરવું હોય એ સાધક એ આ ચક્રનું ધ્યાન ધરી અને આ આધ્યાત્મિક સફરની શરૂઆત કરવી જોઈએ. મૂલાધાર ચક્ર પૃથ્વી તત્વ અને વિવિધ ગંધ અંગેની ચેતના દ્વારા સૌથી વધારે શક્તિ પ્રાપ્ત કરે છે. તે કરોડરજ્જુ, મૂત્રાશય, કિડની, પગ અને પગના તળિયા ઉપરાંત સમગ્ર પ્રજનન તંત્રને નિયંત્રિત કરવાનું કામ કરે છે. મૂળ ચક્ર વ્યક્તિને સમજદાર બનાવે છે, અને તેના શારીરિક કદને જાળવી રાખે છે. પૃથ્વી તત્વનું બનેલું હોવાથી તે આપણને આધાર આપે છે અને આપણને ધારણ પણ કરે છે. શારીરિક અને માનસિક સંતુલન માટે આ ચક્રનું ધ્યાન બહુ ફાયદાકારક છે, પણ સાથોસાથ અસંતુલન પણ નુકસાનકારક છે. જમીન પર ખુલ્લા પગે ચાલવાથી આ ચક્રની શક્તિ કાર્યાન્વિત થાય છે, અને શારિરીક તેમજ માનસિક ઘણા ફાયદા થાય છે. મૂલાધાર ચક્રનો બીજ મંત્ર 'લં' છે અને આ મંત્રનો સતત આકાશ તરફ આંગળા રાખી સવાસન માં સુવું કે સિદ્ધાસનમાં બેસવું. 'લં ' એ બીજમંત્રનો શાસ્ત્રીય અર્થ શું થાય છે, એમાં આપણે ન જઈએ, પણ 'લં ' શબ્દ બોલવામાં એ શબ્દ ધ્વનિ ને અંદર તરફ ગ્રહણ કરવામાં આવે છે. મૂલાધાર ચક્ર પૃથ્વી તત્વ પર નિર્ભર હોવાથી આ મંત્ર જાપ કરતી વખતે આપણે પૃથ્વી તત્વને એટલે કે ધીરજ અને સ્થિરતાને ગ્રહણ કરી આપણો આધાર મજબૂત બનાવવામાં આવે છે. આ ઉપરાંત આ ચક્રનાં દેવતા ગણેશ હોવાથી આ મંત્ર જાપ થી વિવેક દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે અને!: આપણાં જીવન માટે સાચું સારું ખોટું ખરાબ તરફ નિર્દેશ કરી સંયમી બનાવે છે. તો આવો સરળ અર્થ કરી આપણે આ ચક્રનું ધ્યાન કરી શકીએ તો ઉત્તમ છે, પણ બાકી શું શું ગ્રહણ કરવું જોઈએ, અને શું શું ન કરવું, એનું ધ્યાન રાખીને જીવનને ઉત્તમ બનાવી શકાય, એ તરફ વિચારને પરિપક્વ બનાવી વિવેક દ્રષ્ટિની પુષ્ટિ કરી શકીએ તો પણ જાતને ધન્યવાદ દેવાં પડે, અથવા તો આપણી જાગરણ ની સાધના સફળ થઈ કહેવાય! અને એ વિવેક દ્રષ્ટિ જ આપણને અન્યમાં તેમજ ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહવંદન અને જય સીયારામ.

**ગોપીઓના સત્સંગમાં રહીને, ગોપીઓની આ જ્ઞાનોત્તર ભક્તિનો અનુભવ ઉદ્ધવને થયો છે, ઉદ્ધવને પ્રેમલક્ષણા ભક્તિનું જ્ઞાન થયું છે**

# જીવનમાં જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરી પ્રેમમય જીવન જીવવાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


**શ્રીમદ્ ભાગવત પરમહંસોની સંહિતા છે, પરમાત્માને ભૂલેલો જીવ વાસનામાં સપડાયો છે, વાસનાના કારાગૃહમાંથી મુક્ત થઈ એ પ્રભુ પ્રેમના નિર્મળ ગોકુળમાં જઈ વસે તે જીવનો ઉદ્ધાર થાય, શ્રીકૃષ્ણ કથા એ જીવન ઉદ્ધારની કથા છે, જ્ઞાન એકલું શુષ્ક છે, નિર્મળ વૈરાગ્ય પણ એવો જ શુષ્ક છે, પણ જ્ઞાન અને વૈરાગ્યનોભક્તિ સાથે સંયોગ થાય તો પ્રભુપ્રાપ્તિનું સર્વોત્તમ સાધન પ્રાપ્ત થાય છે, મન શુદ્ધ બને તો જ્ઞાનનો ઉદય થાય છે, ભક્તિ દ્વારા મનને શુદ્ધ કરવાનું છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી આજે ચૈત્રી નવરાત્રીના બીજા દિવસે સોમવારે કંઈક જાણવા પ્રયત્ન કરીએ તો સંયોગમાં ચક્ષુદર્શન, વિયોગમાં માનસદર્શન! સાથે રહેતાં પતિ કરતાં પરદેશ ગયેલા પ્રિયતમમાં પત્નીનું મન નિશ્ચલ ભાવથી લાગી રહે છે. વિયોગ એ વિશિષ્ટ યોગ છે. ગોપીઓને તેનું દાન કરવા શ્રીકૃષ્ણ તેમનાથી જુદા પડયા છે. ગોપીઓ, તમારો-મારો વિયોગ થશે નહીં. હું તમારી પાસે જ છું. તમે તમારા સ્વરૂપને યાદ કરો. તમે ગોલોકની નિત્યાસિદ્ધા ગોપીઓ છે.પ્રેમલક્ષણા ભક્તિ પાંચમો પુરુષાર્થ છે.ભક્તમાં અભેદ સિદ્ધ થાય છે. જ્ઞાનમાં પણ અભેદ સિદ્ધ થાય છે પરંતુ ભક્તિમાર્ગ સરળ છે, ત્યારે જ્ઞાનમાર્ગ અઘરો છે. રોજ પ્રભુને કહો, નાથ,હું તારો છું પણ તમે મારા નથી! સમુદ્રમાં તરંગ છે, પણ તરંગને સમુદ્ર ન કહી શકાય. યશોદા, નંદબાબા અને ગોપીઓનો શ્રી કૃષ્ણ પ્રેમ જોઈ ઉદ્ધવનો જ્ઞાન ગર્વ ઊતરી ગયો. પ્રેમભક્તિ વગરનું જ્ઞાન નકામું છે તેનું તેને ભાન થયું. ઉદ્ધવને ખાતરી થઈ કે, જ્ઞાન કરતાં પ્રેમ શ્રેષ્ઠ છે. ઉદ્ધવને ગોકુળ છોડવાની ઈચ્છા થતી નથી. ઉદ્ધવજી ગોકુળમાં ગયેલા ગુરુ થવા,પણ ગોપીઓના ચેલા બની ગયા. હવે ઉદ્ધવ ભગવાન પાસે ગોપીઓ જેવી અનન્ય ભક્તિ માગે છે. કહે છે કે,મારે બીજું કાંઈ જોઈતું નથી ફક્ત પ્રેમલક્ષણા ભક્તિ આપો ઉદ્ધવે છેવટે વૃંદાવનમાં લતા કે વૃક્ષ થવાનું માગ્યું છે,જેથી ગોપી ઓની ચરણરજનો સ્પર્શ થાય. ઉદ્ધવ કહે છે કે, મહામુનિઓ જેને શોધે છે, તે ભગવાનને ગોપીઓએ વિના પ્રયાસે પ્રાપ્ત કર્યા છે. એવી આ ગોપીઓની ચરણરજમાં સ્નાન કરી હું ધન્ય બની જઈશ. આ વૃંદાવનમાં મને મનુષ્યાવતાર ન મળેતો કાંઈ નહીં, પણ તું વૃક્ષ,લતા કે ઔષધિના છોડ તરીકે જન્મ્યું તો પણ ઘણું છે, તો પણ હું કૃતાર્થ થઈશ. આ મારી પ્રાર્થના છે! ગોપીઓના સત્સંગમાં રહીને, ગોપીઓની આ જ્ઞાનોત્તર ભક્તિ નો અનુભવ ઉદ્ધવને થયો છે. ઉદ્ધવને પ્રેમલક્ષણા ભક્તિનું જ્ઞાન થયું છે. હવે ઉદ્ધવ દરેકનાં ચરણ માં વંદન કરે છે. શ્રીકૃષ્ણવિરહમાં જીવનું વર્તન કેવું હોય, જીવન કેવું હોય તેનો આદર્શ આ ગોપીઓએ જગતને બતાવ્યો છે.ઉદ્ધવને છેવટે જવાની આજ્ઞા મળી. ઉદ્ધવ જવા તૈયાર થયા છે. વિદાય વખતે નંદબાબા ઉદ્ધવને કહે છે કે:ઉદ્ધવજી, હવે અમે એટલું જ ઈચ્છીએ છીએ કે, અમારા મનની એક એક વૃત્તિ, એક એક સંકલ્પ શ્રીકૃષ્ણનાં ચરણ કમળનો જ આશ્રય કરીને રહે! ઉદ્ધવજી, અમે સાચું કહીએ છીએ કે, અમને મોક્ષની પણ બિલકુલ ઈચ્છા નથી. અમારી માત્ર એક જ ઈચ્છા છે કે, ભગવાનની ઈચ્છાથી અમારાં કર્મો અનુસાર જે કોઈ યોનિમાં અમારો જન્મ થાય, તે તે જન્મમાં અમે શુભ આચરણ કરીએ, દાન કરીએ અને તેના ફળ સ્વરૂપે અમારા ઈશ્વર શ્રીકૃષ્ણમાં અમારી પ્રીતિ ઉત્તરોત્તર વધતી રહે! સંદેશો કહેતાં નંદબાબા અને સર્વ ગોપ-ગોપીઓ રડી. પડયાં છે. નંદબાબાની આ ઈચ્છા એ સમસ્ત ભાગવતનું હાર્દ. સૌએ સતત એનું ચિંતન-મનન કરતા રહેવા જેવું છે. નંદબાબાની આ પ્રાર્થના, શ્લોકો મારા પ્રિય શ્લોકો છે. વિષયોમાં વૈરાગ્ય આવે અને શ્રીકૃષ્ણભક્તિ મળે તે માટે ઘણા મહાત્માઓ આ શ્લોકોના સંપુટ આપી આખા ભાગવતનો પાઠ કરે છે. નંદબાબા કહે છે, સંસારમાં ક્યાંય મારું મન જાય નહીં. મારી વાણી શ્રીકૃષ્ણ નામનો જપ કરે અને મારી આંખો જ્યાં જાય ત્યાં તેને શ્રીકૃષ્ણનાં દર્શન થાય! ઉદ્ધવ, એટલું ખાસ કહેજે. કદાચ મારા પ્રારબ્ધ કર્મથી મને જન્મ લેવાનો પ્રસંગ આવે તો પવિત્ર વૈષ્ણવના ઘરમાં મને જન્મ આપે કે, જ્યાં હરહંમેશ શ્રીકૃષ્ણ કથા, શ્રીકૃષ્ણ કીર્તન થતાં હોય, જે સાંભળી હું કૃતાર્થ બનું અને શ્રીકૃષ્ણ કીર્તન કરતાં કરતાં સેવા માં હું તન્મય બનું.મારે બીજી કોઈ ઈચ્છા જ નથી. યશોદાજી લાલા માટે સંદેશો આપે છે, ઉદ્ધવ, મારા લાલાને કહેજે કે, તેને જ્યારે ગોકુળમાં આવવાની ઈચ્છાથાય ત્યારે આવે મારો લાલો જો ત્યાં આનંદમાં રહેતો હોય તો ત્યાં જ ભલે રહે? શ્રીકૃષ્ણ વિરહમાં અમે અત્રે રહીશું અને રડીશું.શ્રીકૃષ્ણ કેવળ અમારા માટે અમને મળવાનો પરિશ્રમ ન કરે! અમારા સુખને માટે શ્રીકૃષ્ણને બિલકુલ પરિશ્રમ ન થાઓ! મારો લાલો જ્યાં હોય ત્યાં સુખી રહે. સંદેશો આપતાં યશોદાજી રયાં છે.આ પુષ્ટિભક્તિ છે. પુષ્ટિભક્તિમાં સ્વરૂપનો વિચાર નથી. પોતાના સુખનો વિચાર કરે તે શ્રીકૃષ્ણના સુખનો વિચાર કરી શકે નહીં. રાધાજીએ કહ્યુંકે,ઉદ્ધવ,આ વાંસળી અને કામળી તું તારી સાથે લઈ જા! આ કામળી- કામળી ઘરમાં રાખી હું શું કરું? ઉદ્ધવ, એ તો મોટો રાજા થયો છે. તેને હું શું આપું? પણ મેં આ માખણ તૈયાર કર્યું છે, તે તું લઈ જા. તે લાલાને ખવડાવજે. પણ મારું નામ તેને દઈશ નહીં! આ પ્રમાણે બોલતાં હૃદય ભરાઈ આવે છે. ગોકુળ છોડી ઉદ્ધવનો રથ નીકળ્યો છે. ઉદ્ધવ વિચારે છે, હું માનતો હતો કે, શ્રીકૃષ્ણ કૃપાનિધિ છે,દયાના સાગર છે,પણ મને લાગે છે કે,તે નિષ્ઠુર છે.આ વ્રજ વાસીઓ કેવાં પ્રેમાળ છે! ઉદ્ધવે નિશ્ચય કર્યોકે,હું ભગવાનને ઠપકો આપીશ કે તમે નિષ્ઠુર છો. આ વ્રજવાસીઓના વિયોગીમાં મારો છો. ઉદ્ધવ મથુરા આવ્યા છે. શ્રીકૃષ્ણ સમજી ગયા કે, ઉદ્ધવ મને ઠપકો આપવાનો છે. તેથી તેમણે જ વાત શરૂ કરી, ઉદ્ધવ, તું તું મથુરામાં હતો ત્યારે મારા વખાણ કરતો હતો. હવે ગોકુળ જઈ આવ્યા પછી ગોપીઓનાં જ વખાણ કરે છે. ઉદ્ધવ, તું નિષ્ઠુર નથી.પછી ઉદ્ધવ પર વરદ હસ્ત પધરાવી સમાધિમાં ઉદ્ધવને દર્શન કરાવ્યાં કે,હું ગોકુળમાં જ છું!ઉદ્ધવ જુએ છે તો એક સ્વરૂપે શ્રીકૃષ્ણ મથુરામાં અને એક સ્વરૂપે ગોકુળમાં!સવારથી સાયંકાળ સુધીની ગોપીઓ સાથેની એક એક લીલાનાં પ્રભુએ ઉદ્ધવને દર્શન કરાવ્યાં છે. એક સ્વરૂપે યશોદાની પથારીમાં આળોટે છે અને એક સ્વરૂપે રાધાજી સાથે શ્રીકૃષ્ણ રાસ રમે છે. પછી શ્રીકૃષ્ણ કહે છે,મારી માએ મને એવો બોધ બાંધ્યો છે કે,હું વૃંદાવન છોડીને જઈ શકતો જ નથી. ઉદ્ધવ,હું તને ભલે મથુરા માં દેખાઉ પણ હું ગોપીઓ પાસે જ છું. અરે,પાસે શું? ગોપીઓથી હું અભિન્ન છું.ગોપી-કૃષ્ણ એક જ છે. પીરુદ્ધયાગમનમાં ઉદ્ધવના જ્ઞાનનો અને ગોપીઓની સગુણ ભક્તિનો મધુર કલહ છે. કેવળ જ્ઞાનથી કે કેવળ ભક્તિથી મનુષ્ય પૂર્ણ બનતો નથી.જીવનમાં બંનેનો સમન્વય કરી પ્રેમમય જીવન જીવવાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. પ્રભુની કૃપા અનુભવાય છે.એ આ ઉદ્ધવાગમનના પ્રસંગનું રહસ્ય છે.મનુષ્યશરીરમાં જે સ્થાન શીર્ષ નું છે, ભાગવતમાં તે દસમ સ્કંધનું છે.સમગ્રભારતમાં એ તરતમ્ય છે. શ્રીકૃષ્ણના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું એમાં પૂર્ણ દર્શન કરાવ્યું છે.શ્રીકૃષ્ણની ગોકુળની બાળ લીલા ગોપલીલા અને રાસલીલા જીવ અને પરમાત્માની લીલાનું સ્વરૂપ છે. જીવની આગળ પરમાત્મા વિવિધ સ્વરૂપે પોતાને પ્રગટ કરતો જ રહે છે, પણ જીવ એ જોતા નથી. પણ જે પળે જીવને પરમત્માના સ્વરૂપ ની જરા જેટલી પણ ઝાંખી થાય છે તે પળે તે જીવ પરમાત્માનો બની રહે છે. ગોપીરૂપ શરીરની ઈન્દ્રિયો શ્રીકૃષ્ણ માં પરોવાઈ જાપ અને સતત એનું જ ચિંતન કરી એનું ધ્યાન ધરી શ્રી કૃષ્ણમય બની જાય ત્યારે જીવને પણ બીજું કંઈ પ્રાપ્ત કરવાપણું રહેતું નથી. ઈશ્વર સર્વત્ર છે, સર્વમાં છે. એને પ્રાપ્ત કરવામાં કોઈ નવી ચીજવસ્તુ પ્રાપ્ત કરવાની નથી, નવું કંઈ છે જ નહીં. ઈશ્વર બહારનું કશું યે નથી. જે છે તે ઈશ્વર જ છે. એટલે ઈશ્વરની પ્રાપ્તિ, શ્રીકૃષ્ણનું દર્શન એ કેવળ પ્રાપ્તિની પ્રાપ્તિ છે. એમાં કેવળ જ્ઞાન કામ નહીં લાગે, જ્ઞાન અધૂરું છે. જ્ઞાન અને ભક્તિ પ્રેમના પણ બળને પ્રાપ્ત કરી શકતી નથી. દસમ સ્કંધમાં છેલ્લે ઉદ્ધવ- ગોપી નો સંવાદ છે. એ શ્રીકૃષ્ણના જીવન સંદેશને સચોટ વાણીમાં પ્રત્યક્ષ કરે છે. એનું શ્રવણ- મનન જીવને આનંદ આપે છે. કેવળ આનંદ નહીં, જીવનનું સાફલ્ય બક્ષે છે. ગોપીઓ પ્રેમલક્ષણા ભક્તિની આચાર્યા છે. ઘરમાં રહીને પ્રભુનું દર્શન કેવી રીતે કરવું તે ગોપીઓ બતાવે છે. શ્રીમદ્ ભાગવત પરમહંસોનીસંહિતાછે.પરમાત્માનેભૂલેલોજીવવાસનામાં સપડાયો છે. વાસનાના કારાગૃહમાંથી મુક્ત થઈ એ પ્રભુ પ્રેમના નિર્મળ ગોકુળમાં જઈ વસે તે જીવનો ઉદ્ધાર થાય. શ્રીકૃષ્ણ કથા એ જીવન ઉદ્ધારની કથા છે. જ્ઞાન એકલું શુષ્ક છે, નિર્મળ વૈરાગ્ય પણ એવો જ શુષ્ક છે.પણ જ્ઞાન અને વૈરાગ્યનોભક્તિ સાથે સંયોગ થાય તો પ્રભુપ્રાપ્તિનું સર્વોત્તમ સાધન પ્રાપ્ત થાય છે. મન શુદ્ધ બને તો જ્ઞાનનો ઉદય થાય છે. ભક્તિ દ્વારા મનને શુદ્ધ કરવાનું છે અને પરિશુદ્ધ થયેલા મનને પરમાત્માનાં ચરણોમાં સમર્પિત કરવાનું છે. ગોપીઓ ની પેઠે ઈન્દ્રિયો સર્વાત્મભાવે પરમાત્માને, શ્રીકૃષ્ણ ને વરે અને શ્રીકૃષ્ણના વિયોગથી ઝરે તો પરા ભક્તિ પ્રાપ્ત થાય.ગોપીઓ પ્રેમ લક્ષણા ભક્તિનો આદર્શ આપણી સમક્ષ રજૂ કરે છે.શ્રીકૃષ્ણ વિરહ માં ગોપ ીને વૃંદા વન આખું સ્મશાન વત્ લાગે છે અને શ્રીકૃષ્ણમાં ચિત્ત એવું ઓત પ્રોત થઈ ગયું છે.હદય એવું શ્રી કૃષ્ણમય થઈ ગયું છે કે,જ્યાં જુએને જે જુએ તે શ્રીકૃષ્ણ રૂપ દેખાય છે. બધું જ શ્રીકૃષ્ણ છે. બહાર શ્રીકૃષ્ણ છે અને અંદર પણ શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણ એમને છોડીને ક્યાંય ગયા નથી! ગોપીઓને અનેક જન્મોની તપસ્યા પછી પણ જે દર્શન દુર્લભ છે તે ગોપીઓને સહજ છે. પ્રભુ પ્રાપ્તિનું અમોઘ અને અદ્ભુત સાધન ભાગવતકાર આપણા આગળ પ્રત્યક્ષ કરે છે. વિયોગવિરહનું આ માહાત્મ્ય છે. સંયોગમાં એટલે કે મિલનમાં માત્ર એક જ વ્યક્તિને અનુભવ થાય, પણ વિરહમાં અને વિયોગમાં તો એવી તન્મયતા પ્રાપ્ત થાય છે કે, જ્યાં નજર કરો ત્યાં પ્રભુ સિવાય બીજું કંઈ દેખાય જ નહીં. સંયોગ કરતાં વિયોગ ચડી જાય. બધા યોગ કરતાં વિયોગ ચડી જાય એટલે તો એને વિયોગ કહ્યો છે. વિયોગ એટલે વિશિષ્ટ યોગ. આ વિશિષ્ટ યોગ ગોપીઓને સિદ્ધ છે એટલે ગોપીઓને પ્રેમલક્ષણા ભક્તિની આચાર્યા કહી છે. હવે જરાસંધની કથા આવે છે. જરા એટલે ઘડપણ અને મથુરા એટલે શરીર. જરાસંધ મથુરા ઉપર ચડાઈ કરે છે. જિંદગીના ઉત્તરાર્ધમાં દરેક માણસની ઉપર જરાસંધ ચડાઈ કરે છે.પચાસ વર્ષ ની ઉંમર પછી સાંધા દુઃખે ત્યારે જાણવુંકે જરાસંધની ચડાઈઆવી અગાઉથી જેણે એની સામે લડવાની તૈયારી રાખી હશે તે જીતશે. જરાસંધ આવે છે એટલે મથુરાના દરવાજા તૂટવા લાગે છે, આંખોથી ઓછું દેખાય છે,ખાધેલું તો પચતુંનથી અને શરીરની શક્તિ ઓછી થાય છે, ત્યારે ધીરે ધીરે પ્રવૃત્તિ ઓછી કરો, પ્રભુ માટે સમય વધારો. વાચક ચાહક મિત્રો ચૈત્રી નવરાત્રિ નો આજે બીજો દિવસ સર્વદા સૌ સુખી થાઓની ભાવના સાથે અસ્તુ.

### વિશાળ બજેટ અને જવાબદારી સાથે જ આ ફિલ્મ બની શકે

# ત્રણ ખાન સાથે ફિલ્મ બનાવવાનું કેમ અશક્ય?

## ત્રણે ખાન એક ફિલ્મમાં એકસાથે એવી શક્યતા ઘણી ઓછી છેઃ સલમાન ખાન



અનેક વખત એવી ચર્ચા થાય છે કે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના ત્રણ ખાન ક્યારેક એક સાથે એક ફિલ્મમાં જોવા મળે, શાહરુખ ખાન, સલમાન ખાન અને આમિર ખાનમાંથી બે તો ભૂતકાળમાં એક ફિલ્મમાં જોવા મળ્યા છે, પરંતુ ત્રણેય એકસાથે કોઈ ફિલ્મમાં અત્યાર સુધી ક્યારેય જોવા નથી. તાજેતરમાં સલમાન ખાને 'સિકંદર'ની રિલીઝ પહેલાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે ત્રણે ખાન એક ફિલ્મમાં એકસાથે એવી શક્યતા ઘણી ઓછી છે. સલમાને તેની પાછળનું વ્યાજબી કારણ પણ સમજાવ્યું છે. સલમાને કહ્યું, ''બધું જ સ્ક્રિપ્ટ પર આધાર રાખે છે. જો અમને એવા કોઈ પ્રકારની સ્ક્રિપ્ટ મળે, તો અમે પણ સાથે કામ કરી શકીએ છીએ. પરંતુ આજ સુધી કોઈએ અમને ત્રણને એકસાથે કોઈ ફિલ્મ ઓફર કરી જ નથી. જો અમે એક સાથે કામ કરીએ તો, એ બહુ મોટી ફિલ્મ હશે, સાથે ડિરેક્ટરની જવાબદારી પણ ઘણી મોટી હશે. સાથે જ ફિલ્મનું બજેટ પણ ખુબ મોટું હોવું જોઈએ, તેથી અમે ત્રણ સાથે હોઈએ એવી કોઈ ફિલ્મ કોઈ બનાવશે જ નહીં.'' આ ઉપરાંત સલમાન ખાન અટલી સાથે એક ફિલ્મ કરવાનો હતો, જે પડતી મુકાઈ છે, આ અંગે સ્પષ્ટતા કરતા સલમાને કહ્યું,''મેકર્સ હવે ફિલ્મનાં આર્થિક પાસાં પર ફેરવિચારણા કરે છે તેથી તેઓ આગળ વધતાં પહેલાં પ્રોડક્શનના પ્લાન પર કામ કરશે.'' સલમાને હવે અન્ય ફિલ્મ માટે તારીખો આપી દીધી હોવાથી તેણે હજુ સુધી અટલીની આ ફિલ્મ માટે તારીખો ફાળવી નથી.

### 'આમિર ખાન ટોકીઝ'

# આમિર ખાને પોતાની યૂટ્યુબ ચેનલ શરૂ કરી


## ફિલ્મ મેકિંગના રસપ્રદ કિસ્સા અને બીટીએસ સ્ટોરીની વાતો કરી



આમિર ખાને ફિલ્મ અને પ્રોડક્શન પછી ડિજીટલ દુનિયામાં ઝંપલાવ્યું છે, તેણે હવે પોતાની યૂટ્યુબ ચેનલ 'આમિર ખાન ટોકીઝ' શરૂ કરી છે. આ ચેનલ દ્વારા આમિર નવા ફિલ્મ મેકર્સ અને ફિલ્મના ચાહકોને ફિલ્મ બનાવવાની પ્રક્રિયાનો નજીકથી પરિચય કરાવવા માગે છે. આમિરની આ ચેનલમાંથી નવું શીખવા પણ મળશે અને સાથે મનોરંજન પણ મળશે જ. સાથે આમિર આમાં કેટલીક પડદાં પાછળની વાતો, કેટલાક નિષ્ણાતો સાથેની ચર્ચાઓ તેમજ ફિલ્મ બનાવવાની કેટલીક ટેક્નિક વિશે પણ વાતો કરશે. આ ચેનલ લોંચ કરતા આમિર ખાન પ્રોડક્શન દ્વારા સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો. તેમાં લખ્યું, ''સિનેમા. વાર્તાઓ. રસપ્રદ કિસ્સાઓ. અમે કેટલીક એવી વાર્તાઓ બનાવી છે, જેણે તમને હસાવ્યા છે, રડાવ્યા છે અને વર્ષો સુધી તેના પર વિચાર કર્યો છે. અમે હવે તમને આમિરા ખાન ટોકીઝ દ્વારા સિનેમાના ક્યારેય ન જોયા હોય એવા વિશ્વમાં આવકારીએ છીએ. જ્યાં વાર્તા વાસ્તવિકતાને મળશે. અહીં તમે પહેલી લાઈનમાં બેસીને ફિલ્મની પડદા પાછળની વાતોથી લઈને ફિલ્મને અને અમને ઘડનારી વાતો સાથે ફિલ્મ બનાવવાનો જાદુ જોઈ શકશો.'' આ પહેલા વીડિયોમાં આમિર ખાને તે ફિલ્મ અને ફિલ્મ બનાવવાની કળાના લાંબા સમયના સપના અંગે વાત કરી છે. તેણે કહ્યું, ''મને હંમેશા હું મારી સફર વિશે વાત કરી શકું એવો એક મંચ ઉભો કરવાની ઈચ્છા હતી, હું જે કંઈ શીખ્યો છું અને એક ફિલ્મ બનાવવાની જે એક અનોખી અને સર્જનાત્મક સફર હોય છે, તેના વિશે વાતો કરવી હતી.'' આ ચેનલ ફિલ્મ કે વસ્તુઓને પ્રમોટ કરવાનું માધ્યમ નથી પણ તેમાં ફિલ્મના સેટ પરથી અલભ્ય, ઈમાનદાર અને કિસ્સાઓ જાણવા મળશે.

### રિલીઝ પહેલા જ હરિફાઈ!

# 'હાઉસફુલ ૫' ફિલ્મનું ટ્રેલર પોસ્ટપોન રાખવા કરણ જોહરની વિનંતી




## 'કેસરી ૨' ના ટીઝરને લોકપ્રિય બનાવવા કરણે 'હાઉસફુલ ૫'નું ટ્રેલર પોસ્ટપોન કરવામાં આવ્યું

સાજીદ નડિયાદવાલાએ ફેબુઆરી ૨૦૨૫માં જાહેરાત કરી હતી કે ઈદ દરમિયાન રિલીઝ થનારી સલમાન ખાનની 'સિકંદર' સાથે 'હાઉસફુલ ૫'નું ટ્રેલર બતાવવામાં આવશે. સાથે તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે તેની 'હાઉસફૂલ ૫' જૂન ૨૦૨૫માં રિલીઝ થશે. ત્યારે હવે એવા અહેવાલો આવ્યા છે કે હવે 'હાઉસફુલ ૫' ડિલે થઈ શકે છે.સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''કરણ જોહરે પહેલાં અક્ષય કુમાર સાથે હાઉસફુલનું ટ્રેલર થોડાં વખત પછી રિલીઝ કરવા વિનંતિ કરી હતી. જેથી દર્શકોને કેસરી ૨નું ટ્રેલર બતાવી શકાય. અક્ષય સહમત થયો અને તેણે પણ કરણને વિનંતિ કરી કે તે આ વાત સાજીદ નડિયાદવાલાને સમજાવે.''સૂત્રએ આગળ એવું પણ જણાવ્યું કે કરણ જોહર અને સાજીદ નડિયાદવાલા વચ્ચે વાત થઈ અને તેમાં ''સાજીદે કરણને વચન આપ્યું છે કે તે આનું કોઈ નિરાકરણ ચોક્કસ લાવશે. તે હવે આ ટ્રેલરને ડિલે કરવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે, જેથી સિકંદર સાથે કેસરી ૨નું ટ્રેલર બતાવી શકાય. એકાદ દિવસમાં અંતિમ નિર્ણય લઈ લેવાશે.''જો સાજીદ નડિયાદવાલા સિકંદર સાથે કેસરી ૨નું ટ્રેલર બતાવે તો તો મોટી સંખ્યામાં લોકોને ફિલ્મની ઝલક મળશે. કરણ જોહરને વિશ્વાસ છે કે આ ટીઝરથી લોકોમાં ફિલ્મ જોવા માટેનો ઉત્સાહ વધશે અને ટિકિટનું વેંચાણ પણ વધશે. 'કેસરી ૨' ૧૮ એપ્રિલે મોટા પડદે રિલીઝ થશે.

# 'ક્રિશ ૪'નું પ્રોડક્શન શરૂ થશે, રિતિક ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે

## હવે 'ક્રિશ ૪'થી રિતિક ડિરેક્શન ક્ષેત્રે ડેબ્યુ કરશે, અગાઉ રાકેશ રોશને કહ્યું હતું કે હવે તેઓ ડિરેક્ટ નથી કરવાના



ઘણા લાંબા સમયથી હિતિક રોશનની સુપર હિરો ફ્રેન્ચાઈઝીની ફિલ્મ ક્રિશનો ચોથો ભાગ આવશે કે નહીં આવે તેની અફવાઓ અને ચર્ચાઓ ચાલતી હતી. પણ હવે ક્રિશ ફૅન્સની આતુરતાનો અંત આવ્યો છે. રાકેશ રોશને ઓફિશિલી હવે આ ફિલ્મની જાહેરાત કરી દીધી છે. રિતિક રોશન પોતે આ ફિલ્મને ડિરેક્ટ કરશે. રિતિકનું આ ડિરેક્ટર તરીકે ડેબ્યુ હશે. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૦૩માં આવ્યો હતો, 'કોઈ મિલ ગયા', જે રાકેશ રોશને ડિરેક્ટ કરી હતી. રિતિકની સુપર હિરો ફિલ્મ રાકેશ રોશન સાથે આદિત્ય ચોપરા પ્રોડ્યુસ કરશે, હવે 'ક્રિશ ૪'થી રિતિક ડિરેક્શન ક્ષેત્રે ડેબ્યુ કરશે. અગાઉ રાકેશ રોશને કહ્યું હતું કે હવે તેઓ ડિરેક્ટ નથી કરવાના અને તેમની પાસે આટલું મોટું બજેટ નથી તેથી તે પ્રોડ્યુસ પણ કરી શકે તેમ નથી. હવે આદિત્ય ચોપરા તેમની મદદે આવ્યા છે. આદિત્ય ચોપરાનું યશરાજ પ્રોડક્શન અને રાકેશ રોશન સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે. રાકેશ રોશને આ બાબતે પોતાના એક્સ અકાઉન્ટ પર આ અંગે જાહેરાત કરીને લખ્યું હતું, ''ડુગ્ગુ, ૨૫ વર્ષ પહેલાં મેં તને એક્ટર તરીકે લોંચ કર્યો હતો અને આજે ફરી ૨૫ વર્ષ પછી આપણી સૌથી મહત્વાકાંક્ષી ફિલ્મ 'ક્રિશ ૪' માટે તું બે ફિલ્મ મેકર્સ, મારા અને આદિત્ય ચોપરા દ્વારા ડિરેક્ટર તરીકે લોંચ થવા જઈ રહ્યો છું. અમે તને નવા અવતાર માટે શુભેચ્છાઓ અને આશીર્વાદ આપીએ છીએ.'' આ પોસ્ટમાં રિતિકની ગર્લફ્રેન્ડ સબાએ પણ કમેન્ટ કરીને પ્રેમ દર્શાવ્યો હતો. રાકેશ રોશને આ પોસ્ટ કરતા જ ક્રિશના ફૅન્સ ખુશ થઈ ગયા હતા અને ઉત્સાહમાં આવી ગયા હતા. રિતિકની ક્રિશ ૩ પણ આજથી ૧૨ વર્ષ પહેલાં ૨૦૧૩માં રિલીઝ થઈ હતી. હવે 'ક્રિશ ૪'થી રિતિક ડિરેક્શન ક્ષેત્રે ડેબ્યુ કરશે, અગાઉ રાકેશ રોશને કહ્યું હતું કે હવે તેઓ ડિરેક્ટ નથી કરવાના હવે રિતિક આ ફિલ્મ ડિરેક્ટ કરશે, તે વાતથી પણ તેના ફૅન્સ ખુશ થઈ ગયા છે. કેટલાંકે તો એવી પણ આગાહી કરી દીધી છે કે આ ફિલ્મ 'પુશ્પા ૨'નો પણ રેકોર્ડ તોડી નાખશે. ઘણા લોકો આ ફિલ્મ સુપર હિટ થશે તેવી પણ આગાહી કરી દીધી હતી. તો હવે રિતિક ડિરેક્ટ કરશે તો આ ફિલ્મમા ક્રિશ તરીકે રિતિક જ જોવા મળશે કે બીજું કોઈ તેનું સ્થાન લેશે, તે પણ એક પ્રશ્ન દર્શકોના મનમાં છે. ૨૦૨૬માં આ ફિલ્મનું કામ આગળ વધશે તેવી શક્યતા છે. આ પહેલાં રિતિક સાથે આ ફિલ્મની ફ્રેન્ચાઈઝીમાં પ્રિટી ઝિંટા, પ્રિયંકા ચોપરા અને કંગના રણૌત સહીતની હિરોઈન કામ કરી ચૂકી છે, હવે આ ફિલ્મમાં કઈ હિરોઈન સુપર વુમન બને છે.

### કર્ણાટકમાં ફિલ્મની ટિકિટના દર ફિક્સ રાખવાનો નિર્ણય

# 'સિકંદર'ની ટિકિટ રૂ. ૨૨૦૦ સુધી પહોંચી સલમાનની ફિક્સ રેટની ઈચ્છા અધૂરી

જે રીતે સાઉથની ફિલ્મમાં હિરોનો ક્રેઝ છે એવો જ ક્રેઝ ભાઈજાનના ફેન્સને સલમાનની ફિલ્મનો છે. જ્યારથી સલમાન ખાનની 'સિકંદર'નું એડવાન્સ ટિકિટ બૂકિંગ શરૂ થયું ત્યારથી જ ટિકિટના ભાવ આસમાને છે. ૩૦ માર્ચે ઈદના દિવસે સલમાનની ફિલ્મ રિલીઝ થઈ રહી છે. શરૂઆતમાં લોકોને લાગ્યું કે આ ફિલ્મનો કોઈ માહોલ કે ચર્ચા નથી. પરંતુ હવે આ મોટા અને નાના શહેરોમાં આ ફિલ્મની ટિકિટના ભાવ ૧૫૦-૨૦૦થી વધીને મલ્ટીપ્લેક્સમાં ૨૦૦૦ સુધી અને નાના શહેરોમાં ૭૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ગુરુવારે ફિલ્મનું એડવાન્સ બૂકિંગ શરુ થયું છે. ઓનલાઈન પ્લેટફર્મ પર દેશભરના લગભગ બધા જ થિએટરમાં એડવાન્સ બૂકિંગ શરૂ થઈ ગયું છે. તો કેટલાંક લોકોને એવી પણ ચિંતા છે કે આ રીતે ટિકિટના ભાવ વધી જવાથી લોકો થિએટરથી દૂર થઈ જશે. મુંબઈમાં ટિકિટના ભાવ ૨૨૦૦ જેટલા થઈ ગયા છે, જ્યારે દિલ્હીમાં આ ભાવ ૧૬૦૦થી ૧૯૦૦ સુધી પહોંચ્યા છે. આટલા ઊંચા ભાવ છતાં દિલ્હી-એનસીઆરમાં ઘણા થિએટર અત્યારથી જ સોલ્ડ આઉટ થઈ ગયા છે. સામાન્ય સીટ માટે પણ ભવ વધીને ૮૦૦ થી ૯૦૦ વચ્ચે પહોંચી ગયા છે. સિકંદરનું એડવાન્સ બૂકિંગ શરૂ થયા એના ૨૪ કલાકમાં જ ૪ કરોડ જેટલી કમાણી થઈ ગઈ હતી. સલમાનની અન્ય ફિલ્મની જેમ નાના શહેરોમાં પણ આ ફિલ્મ સારી ચાલશે. જોકે, સલમાન આ રીતે ટિકિટના ભાવ વધારવાની તરફેણમાં નથી. તેણે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે કર્ણાટકની જેમ સમગ્ર દેશમાં ફિલ્મની ટિકિટના ભાવ ફિક્સ થઈ જવા જોઈએ. સલમાન ખાને કહ્યું કે સમગ્ર દેશમાં ફિલ્મની ટિકિટનો ભાવ ૨૦૦ રૂપિયાથી ઓછો જ હોવો જોઈએ. ફિલ્મની ટિકિટ ૨૦૦થી ઓછી હોવી જોઈએ, સલમાન ખાને કહ્યું, ''હું ખરેખર ઈચ્છું છું કે મુવી ટિકિટમાં મહત્તમ કિંમત નક્કી થઈ જાય. મને એવું પણ લાગે છે કે પોપકોર્ન અને કોલ્ડ ડ્રિંકના ભાવમાં પણ એવું કરવાની જરૂર છે. તેમાંથી પ્રોડ્યુસરને પણ પોતાનો હિસ્સો મળવો જોઈએ.'' સલમાને એવું પણ કહ્યું કે ભારત હાલ સ્ક્રિન્ડ માર્કેટની અંદર આવી ગયું છે, ''આપણી માંડ ૨૦ હાજરથી થોડા વધુ જેટલા થિએટર ધરાવતો દેશ છીએ. તેમાંથી આપણે માંડ ૬૦૦૦ સ્ક્રીનમાં આપણી ફિલ્મ રિલીઝ કરીએ છીએ. અમે ૨૦૧૫માં રાજસ્થનના માંડવામાં 'બજરંગી ભાઈજાન' માટે શૂટ રહ્યા હતા, ત્યાં ૧૦૦ કરોડપતિ પરિવાર હશે. પણ એ શહેરમાં એક પણ થિએટર નહોતું. તમારે ફિલ્મ જોવા માટે દૂર કોઈ બીજા શહેરમા જવું પડે છે. આપણે ત્યાં સિનેમાહોલની આટલી તંગી છે.'' માસ અને ક્લાસના ભેદ વિશે વાત કરતા સલમાને કહ્યું, ''હવે ક્લાસ અને માસ વચ્ચેનો ભેદ ભુંસાઈ ગયો છે. હવે મલ્ટિપ્લેક્સમાં પણ લોકો સિટીઓ મારે છે. એ જ બાબત કોઈ સિંગલ સ્ક્રીનમાં પણ જોવા મળે છે. લોકો બ્લેકમાંથી ટિકિટ ખરીદવા માટે પણ મોટી રકમ ચૂકવે છે. સામે એ જ રીતે મલ્ટિપ્લેક્સમાં લોકો એટલાં જ રૂપિયામાં એટલે કે ૧૫૦૦ -૨૦૦૦માં ફિલ્મ જુએ છે. એટલા પૈસામાં તો ૩ ટિકિટ આવી જવી જોઈએ.




### જાન્હવી અને ખુશીને પાછળ છોડી દેશે તેવી સોશિયલ મીડિયા પર ચર્ચા

# 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩'માં શનાયા કપૂર ડબલ રોલમાં દેખાશે



## એવા ઘણા ઓછા કલાકાર હોય છે, જે પોતાની કેરિઅરની શરૂઆતમાં જ ડબલ રોલ કરવાનું જોખમ લે

સંજય કપૂર અને મહીપ કપૂરની દિકરી શનાયા કપૂરે પણ પોતાની બીજા ભાઈ-બહેનોનાં પગલે હવે બોલિવૂડમાં એન્ટ્રી કરી લીધી છે. થોડાં દિવસો પહેલાં જ શનાયાએ તેની ડેબ્યુ ફિલ્મ 'તું યા મેં'નું ટીઝર શેર કર્યું હતું. આનંદ એલ.રાયની આ ફિલ્મમાં તેની સાથે આદર્શ ગૌરવ લીડ રોલમાં છે. આ થ્રિલિંગ સ્ટોરીવાળું ટીઝર જોઈને સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ હતી. ઘણા લોકોએ એવું પણ કહ્યું હતું કે શનાયા તેની બહેનો જાન્હવી અને ખુશીને પણ પાછળ રાખી દેશે. હવે એવી પણ ચર્ચા છે કે શનાયાએ વધુ બે ફિલ્મો સાઈન કરી છે, તેમાંથી એક ફિલ્મમાં તે ડબલ રોલ કરતી જોવા મળશે. એવા ઘણા ઓછા કલાકાર હોય છે, જે પોતાની કૅરિઅરની શરૂઆતમાં જ ડબલ રોલ કરવાનું જોખમ લે. પરંતુ કેટલાક અહેવાલો અનુસાર શનાયા કપૂરે પોતાની ત્રીજી ફિલ્મમાં જ આ બીડું ઝડપી લીધું છે. કરણ જોહરની જાણીતી ફિલ્મ સિરીઝ 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩'માં શનાયા ડબલ રોલમાં જોવા મળશે. સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''શનાયાએ આ બહુ નીડર પગલું લીધું કહેવાય, જેમાં તેને શરૂઆતમાં જ પોતાની અભિનય પ્રતિભા દર્શાવવાની તક મળશે. ભલે આ ફિલ્મ તેની અન્ય ફિલ્મો પછી રિલીઝ થવાની હોય, તેમ છતાં તેની કૅરિઅરની મહત્વની ફિલ્મ બની શકે છે.'' 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩'ના તેનાં રોલ એકબીજાથી વિરુદ્ધ હશે, આ ફ્રેન્ચાઈઝી ઘણા સ્ટારકિડ્ઝ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ છે. આલિયા ભટ્ટ, વરુણ ધવન, ટાઈગર શ્રોફ, અનન્યા પાંડે સહીતના કલાકારો આ સિરીઝથી જ લોંચ થયાં છે. આ સિવાય શનાયા એક ફિલ્મમાં 'મૂંજ્યા'થી લોકપ્રિય થયેલા અભય વર્મા સાથે પણ કામ કરી રહી છે.

# આલિયાને નેશનલ એવોર્ડ મળતા સારાને તેની ઇર્ષ્યા થઈ હતી

## જ્યારે આલિયાની સ્પાય થ્રિલર 'આલ્ફા' ડિસેમ્બર ૨૦૨૫માં આવશે, હાલ તે ભણસાલીની 'લવ એન્ડ વોર' માટે કામ કરી રહી છે



આલિયા ભટ્ટની ગણતરી ઈન્ડસ્ટ્રીની બહુ પ્રતિભાશાળી એક્ટ્રેસમાં થાય છે, સાથે જ તે સૌથી લોકપ્રિય એક્ટ્રેસમાંની એક પણ છે. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે તેને 'ગંગુબાઈ કાઠિયાવાડી' ફિલ્મ માટે નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. ત્યારે હવે સારા અલી ખાને તેજાતરના ઈન્ટરવ્યુમાં કબૂલ્યું છે કે તેને આલિયાની આ સિદ્ધીથી ઈર્ષ્યા થઈ ગઈ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સારા અલી ખાને આ અંગે વાત કરતા કહ્યું, ''જ્યારે આલિયાને નેશનલ એવોર્ડ મળ્યો ત્યારે મને થયેલું, ''ભગવાન, એને તો આ પણ મળી ગયો, એને તો બાળક પણ છે, એની લાઈફ તો સેટ છે.'''' પણ પછી સારાને સમજાયું કે તેણે આ સ્તરે પહોંચવા માટેની મહેનત અને સંઘર્ષ ધ્યાનમાં લીધાં નથી. સારાએ કહ્યું, ''હું એક કલાકાર તરીકે તેને એક સામાન્ય માણસ તરીકે કલ્પવાનું ચૂકી જઉં છું.'' આ સફળતા પાછળનું ઊંડાણ ધ્યાનમાં લેતા, સારાએ ભારપૂર્વક કહ્યું કે દરેક સિદ્ધિ મુશ્કેલીનો સામનો કરીને અને હંમેશા દરેક બાબતની બે બાજુ હોય તે દરેકને એ યાદ અપાવીને જ મેળવી શકાય છે. સારા અલી ખાને એક વાર્તાની બંને બાજુ સમજવાના મહત્વ વિશે પણ વાત કરતાં કહ્યું કે ઘણી વખત અધુરી માહિતી પણ દયાજનક સ્થિતિમાં લાવી દે છે. લોકો સફળતા પાછળના સંઘર્ષને અવગણીને માત્ર સફળતાના જ ગુણગાન ગાયા કરે છે. વ્યક્તિ માત્ર સિદ્ધિઓ જ જુએ તેથી તે ઈર્ષ્યાનો શિકાર બને છે, લોકોએ સફળતા પાછળના પડકારો પણ જોવા જોઈએ. આલિયાનું ૨૦૨૨નું વર્ષ ઘણું નોંધપાત્ર અને યાદગાર રહ્યું હતું, કારણ કે ૨૦૨૨માં ફેબ્રુઆરીમાં તેની 'ગંગુબાઈ કાઠિયાવાડી' રિલીઝ થઈ હતી અને એપ્રિલમાં તેણે લગ્ન કર્યાં હતાં. તેમજ નવેમ્બરમાં તેણે દિકરી રાહાને જન્મ આપ્યો હતો. સારાની ફિલ્મની વાત કરવામાં આવે તો છેલ્લે તે અક્ષય કુમારની 'સ્કાયફોર્સ'માં જોવા મળી હતી અને હવે તે અનુરાગ બાસુની 'મેટ્રો ઈન દિનોં'માં કામ કરી રહી છે.





# ડિવિઝનલ રેલ્વે મેનેજર અમદાવાદે ડીઝલ શેડ સાબરમતી ખાતે પ્રથમ TOH શેડ્યૂલ પછી લોકોમોટિવ ૩૩૩૧૦ ને લીલી ઝંડી આપી







। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલ્વેના ડીઝલ શેડ સાબરમતી ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ પ્રથમ **TOH** (ટર્મ ઓવરહોલિંગ) થયા પછી રેલ સેવામાં સમર્પિત લોકોમોટિવ ૩૩૩૧૦ ને લીલી ઝંડી આપી હતી.આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હતી કારણ કે તે ડીઝલ શેડ સાબરમતીની સખત મહેનત અને તકનીકી ક્ષમતાનું પ્રતીક છે જે તેની સેવાઓને વધુ સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. આ ઉપરાંત, ડિવિઝનલ રેલ્વે મેનેજરે ડીઝલ શેડ સાબરમતીમાં ઈન્ડોર ગેમ્સ માટે એક નવા રૂમનું પણ ઉદ્ઘાટન કર્યું.આ રૂમનું ઉદ્ઘાટન કર્મચારીઓના સ્વાસ્થ્ય અને માનસિક તાજગીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું છે જેથી તેઓ તેમના રોજિંદા જીવનમાં કસરત અને મનોરંજનની તકો મેળવી શકે. શેડ ટીમ માટે આ એક સકારાત્મક પગલું છે જે કાર્યસ્થળમાં ટીમ ભાવના અને સહયોગને પ્રોત્સાહન આપે છે. આ કાર્યક્રમ દરમિયાન ડીઝલ શેડની મહિલા કર્મચારીઓ દ્વારા ટેબલ ટેનિસ મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે શેડની મહિલાઓની ખેલદિલી અને કાર્યક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ હતું.આ મેચ કર્મચારીઓમાં આત્મવિશ્વાસ અને ટીમ ભાવના વધારવાની સારી તક હતી.

આ સાથે, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં શેડની કામગીરીની પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી શર્માએ શેડના વિવિધ વિભાગના પ્રમુખઓ સાથે એક બેઠક યોજી હતી જેમાં લોકો કામગીરી સુધારવા અને કાર્યક્ષમતા વધારવા માટે ચર્ચા કરવામાં આવી હતી.આ ચર્ચામાં,તમામ વિભાગોના પાસેથી તેમની ક્રિયાઓ અને સુધારાના ક્ષેત્રો અંગે સૂચનો લેવામાં આવ્યા હતા, જેથી ભવિષ્યમાં શેડની કાર્યક્ષમતા અને કામગીરીમાં વધુ સુધારો થઈ શકે.

આ કાર્યક્રમ દરમિયાન, ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ તમામ કર્મચારીઓને તેમના કાર્યમાં સતત શ્રેષ્ઠતા જાળવી રાખવા અને ભારતીય રેલ્વેના વિકાસમાં યોગદાન આપતા રહેવા જણાવ્યું.

# પાટણ ખાતેથી રૂપિયા ૧ કરોડથી વધુ મૂલ્યનો આશરે ૧૭,૨૦૦ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો

## પાટણના પાર્થ એસ્ટેટ ખાતે સ્થિત મે. શ્રી રાજ રાજેશ્વરી ડેરી પ્રોડક્ટ પેઢીમાંથી શંકાસ્પદ ઘીના ૧૧ નમૂના લેવાયા





। ગાંધીનગર, તા.૩૦ ।

ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાના જણાવ્યા મુજબ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પાટણ ટીમ દ્વારા તારીખઃ ૧૦/૦૩/૨૦૨૫ના રોજ મે. રાજ રાજેશ્વરી ડેરી પ્રોડક્ટ **B-1** અને **B-21**, પાર્થએસ્ટેટ (ક્રિષ્ના સ્કૂલની બાજુમાં), પાટણ ખાતે તપાસ કરવામાં આવી હતી. જેમાં તપાસ દરમ્યાન પેઢીના જવાબદાર તરીકે શ્રી રાકેશભાઈ મોદી હાજર ન હોવાથી તેઓનો સંપર્ક કરી સ્થળ પર રૂબરૂ હાજર થવા વારંવાર જણાવતા તેઓ સ્થળ ઉપર હાજર ન થયા હતા. જેથી જાહેર આરોગ્યનાહિતમાંગોડાઉનમાંશકાસ્પદખાદ્યચીજનો ઉત્પાદન થતી હોવાની બાતમી હોઈ તે અંગે પોલીસમાં જાણ કરી ગોડાઉનને સીલ કરી પોલીસ સ્ટાફની પહેરેદારી ગોઠવવામાં આવી હતી.

તાજેતરમાં જ આ પેઢીનાં જવાબદાર માલિકશ્રી રાકેશભાઈ મોદી હાજર થતા પોલીસની હાજરીમાં ગોડાઉન ખોલવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન પેઢીમાં ખાદ્યચીજ ઘીનું ઉત્પાદન કરીને સંગ્રહ કરેલ માલૂમ પડ્યું હતું. તપાસ દરમિયાન પેઢીમાં "પામ કર્નલ ઓઈલ"નો જથ્થો માલુમ પડેલ હતો. તપાસ દરમિયાન પૂછતાછ કરતા ઉકત ઘી બટરમાંથી બનાવીએ છીએ તેમ કહ્યું હતુ, પરંતુ બટરનો કોઈ જથ્થો માલુમ પડેલ ન હતો.

પેઢીમાં ઘીની સાથે પામ કર્નલ તેલનો મોટો જથ્થો મળી આવેલ હોય પ્રાથમિક દ્રષ્ટીએ ઘીમાં તેલની ભેળસેળની શંકાના આધારે ઘીનાં અલગ અલગ પેક તથા બેચના ૧૦ અને તેલનો ૦૧ એમ કુલ ૧૧ નમૂનાઓ લઈ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. બાકીનો રૂ. ૧ કરોડથી વધુ મૂલ્યનો આશરે ૧૭,૨૦૦ કિલોગ્રામ જથ્થો જપ્ત કરી નાગરીકો સુધી પહોંચતુ અટકાવવામાં તંત્ર સફળ રહ્યું છે.

આ ખાદ્ય પદાર્થોમાં પ્રાથમિક દ્રષ્ટિએ ભેળસેળની પ્રબળ શંકા હોઈ તથા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ અને તે અન્વયેના રેગ્યુલેશનસના શિડ્યુલ-૪ની જોગવાઈઓનું પાલન થતું ન હોઈ પેઢીના લાયસન્સ તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવેલ છે. નમૂનાઓના પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા નદી ઉપર ભરૂચ નજીક આકાર પામી રહેલી ભાડભૂત બેરેજ યોજનાની પ્રગતિની સમીક્ષા કરી

। ગાંધીનગર, તા.૩૦ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા નદી ઉપર આકાર પામી રહેલી ભાડભૂત બેરેજ યોજનાની પ્રગતિની જાત માહિતી મેળવવા પ્રોજેક્ટ સાઈટનું નિરીક્ષણ કર્યું હતું અને કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિવિધ વિકાસલક્ષી કાર્યોના મોટા પ્રોજેક્ટસની પ્રગતિ અને કામગીરીના નિરીક્ષણ તથા જરૂરી માર્ગદર્શન માટે આવા પ્રોજેક્ટસની સાઈટ મુલાકાતનો ઉપક્રમ શરૂ કરેલો છે. આ ઉપક્રમને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રી વિધાનસભાના અંદાજપત્ર સત્રના સમાપન પછીના પ્રથમ દિવસે ભાડભૂત બેરેજ યોજનાની પ્રગતિની સમીક્ષા કરવા માટે ભરૂચ પહોંચ્યા હતા. આ ભાડભૂત બેરેજ યોજના ભરૂચ પાસે બિન ઉપયોગી રીતે દરિયામાં વહી જતા લોકમાતા નર્મદાના મીઠા પાણીનો સંગ્રહ કરીને મીઠા પાણીનું સરોવર બનાવી ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની ખારી થતી જતી જમીનને બચાવવા માટે હાથ ધરાઈ રહી છે. એટલું જ નહીં, ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારોમાં પૂરથી વારંવાર થતાં ધોવાણ અને નુકસાનને અટકાવવા સાથે આ વિસ્તારમાં પીવાના અને ઔદ્યોગિક વપરાશ માટે મીઠાના પાણીનો સંગ્રહ કરવા તેમજ સમુદ્રની ભરતીનું પાણી દરિયાના મુખથી ૭૦ કિલોમીટર ઉપરવાસમાં શુકલતીર્થ સુધી પ્રવેશતું અટકાવીને ખારાશની સમસ્યા દૂર કરવાનો ઉદ્દેશ્ય આ યોજનામાં રાખવામાં આવેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ નિર્માણાધીન યોજનાના સ્થળ ભાડભૂતની મુલાકાત લઈને થઈ રહેલી પ્રગતિ હેઠળની કામગીરી નિહાળ્યા પછી પ્રોજેક્ટ સાથે સંકળાયેલા વરિષ્ઠ ઈજનેરો અને અધિકારીઓ તેમજ ઈજારદાર વગેરે સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી.

# દાહોદ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા સાથે જોડાયેલ તેમજ હડતાળ પર ઉતરેલ આરોગ્ય કર્મચારીઓને સેવા સમાપ્ત કરવાના હુકમ કરવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

સમગ્ર ગુજરાતમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલ કર્મચારીઓ ૧૭-૦૩-૨૦૨૫ થી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરેલ છે. તે અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર નગર દ્વારા હડતાળ પર ઉતરેલ તેમજ આરોગ્ય સાથે જોડાયેલ આવશ્યક સેવાઓ જેવી કે સર્વે માહિતીનું સંકલન તથા રિપોર્ટીંગની કામગીરી, આરોગ્યલક્ષી કાર્યક્રમોનુ અમલીકરણ,ઈમરજન્સી પ્રાથમિક સારવાર, પ્રજનન અને બાળ આરોગ્ય સેવાઓ, સંચારી રોગ નિયંત્રણ, વાહકજન્ય રોગ નિયંત્રણ જેવી એસેન્સિયલ સેવાઓની કામગીરી ખોરંભે પડતાં આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ વિવિધ આરોગ્ય અધિકારીઓ દ્વારા હડતાળ પર ઉતરેલ આરોગ્ય કર્મચારીઓ સાથે વાતચીત કરી નોકરીએ જોડાવાનું સૂચન કરેલ હતું. પરંતુ તેઓ ગુજરાત આરોગ્ય કર્મચારીઓ સાથે હડતાળ જે દિશામાં ચાલી રહેલ છે તેઓ સાથે સંમત હોવાનું જાણવા મળેલ હતું. હડતાળ પર ઉતરેલ આરોગ્ય કર્મચારી દ્વારા સરકાર તેમજ જિલ્લા આરોગ્ય શાખાની શરતોનુ ઉલ્લંઘન કરતા તેઓને ૨૮-૦૩-૨૦૨૫ ના રોજ આરોગ્ય સેવા સમાપ્ત કરવાના હુકમ જારી કરેલ છે તે અન્વયે દાહોદ જિલ્લાના અંદાજીત ૫૦૦ ઉપરાંત તેમજ ઝાલોદ તાલુકાના ૧૬૦ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓને આની સીધી અસર પડેલ છે.

# એસ.આર.પી પાવડી ખાતે ડેન્ટલ ઓરલ હેલ્થ અવેરનેસ અને સ્ક્રીનીંગ કેમ્પ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મીરાખેડી દ્વારા યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

તારીખ ૨૮-૦૩-૨૦૨૫ શુક્રવારના રોજ **NOHP** અંતર્ગત વર્લ્ડ ઓરલ હેલ્થ ડે સેલિબ્રેશન (૨૦ માર્ચ થી ૨૦ એપ્રિલ) ના ભાગરૂપે ઈન્ચાર્જ સેનાપતિ જે.ડી.વાઘેલાના સહયોગથી તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મીરાખેડીના ઈન્ચાર્જ અધિક્ષક ડૉ.પલક.કે.તાવીયાડના માર્ગદર્શન હેઠળ ડૉ.નિધિ.બી.હઠીલા ડેન્ટલ સર્જન) દ્વારા, **S.R.P** પાવડી ખાતે ડેન્ટલ ઓરલ હેલ્થ અવેરનેસ અને સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમા અંદાજીત ૮૦ ઉપરાંત એસ.આર.પી જવાનોએ ભાગ લીધો હતો. આ કેમ્પમા ડૉ.કોમલ નીનામા (ફીઝીયોથેરાપીસ્ટ) દ્વારા બેઝિક ફિઝિયોથેરાપી વિશે માહિતી પણ આપવામાં આવી હતી.

# ઝાલોદ કોલેજમાં તૃતીય વર્ષ બી.એ. બી.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો







તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

તારીખ ૨૮/૩/૨૦૨૫ ના રોજ ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે.આર દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદના તૃતીય વર્ષ બી.એ. તથા બી.કોમ.ના વિદ્યાર્થીઓ નો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કૉલેજકાળ દરમિયાન થયેલ પોતાના વિવિધ અનુભવોને રજૂ કરવામાં આવ્યા હતા. તથા કૉલેજના અધ્યાપકો દ્વારા તેમને શુભેચ્છા સંદેશ અને આશીર્વચન પઠવવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઝાલોદ વિદ્યાસમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ તથા કૉલેજના કેમ્પસ ડાયરેક્ટર એસ. આર. રાવ ઉપરાંત મંત્રી ડૉ. પી.એમ. પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે વિદ્યાર્થીઓને જીવન ઘડતર તથા સમાજ ઉપયોગી થવામાં શિક્ષણ અને પોતાની આગવી સૂઝબૂઝનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

કૉલેજના આચાર્ય ડૉ. એ. આર. મોદીના વિશેષ માર્ગદર્શન અને આગેવાની હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવા માટે પરિશ્રમના મહત્વને સમજાવતા કોઈપણ પ્રકારના શોર્ટકટ થી બચવા માટે ખાસ ધ્યાન દોર્યું હતું અને ચારિત્ર્ય નિર્માણ કરવા ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. અનિતાબેન પાદરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ રસ પૂર્વક ભાગ લીધો હતો.

# દાહોદ જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેએ ઝાલોદ મામલતદાર કચેરી અને પ્રાંત ઓફીસની મુલાકાત લીધી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેએ ઝાલોદ મામલતદાર કચેરી અને પ્રાંત ઓફીસની મુલાકાત લીધી હતી. જે સંદર્ભે દાહોદ જિલ્લા કલેકટર અને નિવાસી અધિક કલેકટર જે. એમ. રાવલએ કચેરી નિરીક્ષણ કર્યું હતું.

આ દરમ્યાન તેમણે જન સેવા કેન્દ્ર, ઈ-ધરા કેન્દ્ર, સબ રજિસ્ટ્રાર કચેરી અને સર્કલ ઓફિસની કામગીરીનું ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આધાર કાર્ડ, રાશનકાર્ડમાં સુધારા વધારા તેમજ જન સેવા માટેની અન્ય કામગીરી અંગે અરજદારોને મુશ્કેલીઓ ન પડે તે માટે જરૂરી સુચનાઓ આપી હતી. નોંધનીય છે કે, દાહોદ જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓમાં અરજદારોનો સતત ધસારો રહે છે અને આધાર કાર્ડ, રેશનકાર્ડમાં સુધારા વધારા તેમજ દસ્તાવેજ નોંધણી માટે લાંબી લાઈનો લાગે છે. આ પ્રક્રિયા ઝડપથી થાય તેમજ સામાન્ય લોકોના કાર્યો સરળતાથી અને ઝડપથી કરવા માટે તેમણે માર્ગદર્શન સહિત જરૂરી સુચનાઓ આપી હતી. આ દરમ્યાન ઝાલોદ પ્રાંત અધિકારી એ. કે. ભાટિયા અને ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર પણ આ નિમિતે ઉપસ્થિત રહી કચેરીઓનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું હતું.

# ગુજરાતના SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારો માં ૧૦૦ ટકા ઘરો સુધી પહોંચ્યું નળ કનેક્શન

। ગાંધીનગર, તા.૩૦ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં, જલ જીવન મિશન **(JJM)** અંતર્ગત એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ થઈ છે. હવે ગ્રામીણ ભારતમાં ૧૭૨ લાખથી વધુ અનુસૂચિત જાતિ **(SC)** ઘરોમાં નળ જોડાણથી પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ થયું છે. આ સિદ્ધિ દરેક નાગરિક માટે પાણીને મૂળભૂત અધિકાર અને આવશ્યક સંસાધન તરીકે સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ અંગેની માહિતી તાજેતરમાં લોકસભામાં કેન્દ્રીય જળશક્તિ રાજ્યમંત્રી શ્રી વી. સોમન્નાએ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ ૨૦૧૯થી ભારત સરકારે રાજ્યોના સહયોગથી જલ જીવન મિશન **(JJM)** યોજના લાગુ કરી છે, જેમાં અગાઉના નેશનલ રુરલ ડ્રિંકિંગ વૉટર પ્રોગ્રામ **(NRDWP)**નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ મિશનનું લક્ષ્ય દરેક ગ્રામીણ પરિવાર, ખાસ કરીને અનુસૂચિત જાતિ **(SC)** પરિવારોને ૫૫ લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિન **(lpcd) BIS:10500** ગુણવત્તા ધરાવતું શુદ્ધ પીવાનું પાણી ફંક્શનલ ટૅપ કનેક્શન (કાર્યાત્મક નળ જોડાણ)ના માધ્યમથી ઉપલબ્ધ કરાવવાનું છે. **SC** બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોને પ્રાથમિકતા આપવા માટે, **JJM** ફંડ ફાળવણીમાં ૧૦% વેઈટેજ આપવામાં આવ્યું છે. કેન્દ્રીય જળશક્તિ રાજ્યમંત્રી શ્રી વી. સોમન્નાના જણાવ્યા અનુસાર, ૧૭ માર્ચ ૨૦૨૫ સુધીમાં, દેશના અનુસૂચિત જાતિ બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૨૧૫ લાખથી વધુ ગ્રામીણ પરિવારોમાંથી ૧૭૨ લાખથી વધુ (૮૦.૧૨%) પરિવારોને નળ કનેક્શન મળી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પણ દેશના એવા અગ્રેસર રાજ્યોની યાદીમાં સામેલ છે જેમણે **SC** બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦% 'નલ સે જલ' કવરેજ પ્રાપ્ત કર્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે અન્યોની પ્રશંસા કરીને ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

તમારા આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની સંભાળ લો અને પરિસ્થિતિને ઠંડી પાડો. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**કર્ક (ડ,હ) :**

આજે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. તમને જો એમ લાગતું હોય કે મહત્વના કામ તમે અન્યોની મદદ વિના પણ પાર પાડી શકો છો તમારી મોટી ગેરસમજ થાય છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**તુલા (ર,ત) :**

આજે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે અને તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદશ્ય થઈ જશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધોમાં મજબૂતી આવશે?



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બિલાસપુર ખાતે વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાન મોદીની મુલાકાત પહેલાં ૫૦ નક્સલવાદીઓનું સરન્ડર

। (એજન્સી) બીજાપુર, તા.૩૦ ।

છત્તીસગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના થોડા કલાક પહેલાં જ બીજાપુર જિલ્લામાં ૫૦ નક્સલવાદીઓએ સરન્ડર કર્યુ છે. જેમાં ૧૪ પર કુલ રૂ. ૬૮ લાખનું ઈનામ હતું. સીઆરપીએફ દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી હતી. નક્સલવાદીઓએ છત્તીસગઢ પોલીસ અને સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ હથિયાર ફેંકી સરન્ડર કર્યુ હતું. મીડિયા રિપોર્ટ અનુસાર સરન્ડર કરનારા ૫૦ લોકોમાંથી છ પર આઠ-આઠ લાખનું ઈનામ હતું. જ્યારે અન્ય ત્રણ પર પાંચ-પાંચ લાખ અને અન્ય પાંચ નક્સલીઓ પર એક-એક લાખ રૂપિયાનું ઈનામ સુરક્ષા કર્મીઓએ જાહેર કર્યું હતું. સરન્ડર કરનારા નક્સલીઓએ પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી)ના વરિષ્ઠ કાર્યકરો દ્વારા પોકળ અને અમાનવીય માઓવાદી વિચારધારા, આદિવાસીઓનું શોષણ અને ચળવળમાં વધતા જતા મતભેદોને ટાંકીને સરન્ડર કર્યુ હોવાનું જણાવ્યું છે.

### બળદગાડીને ઈ-મેમો! પોલીસ પણ પડી ગઈ મૂંઝવણમાં

। (એજન્સી) સાગર, તા.૩૦ ।

મધ્ય પ્રદેશના સાગર શહેરમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક બળદગાડીને ઈ-મેમો આપવામાં આવ્યો છે. આ ચોંકાવનારી ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે આ ચલણનું નોટિસ એક વાહન માલિકને મળ્યું હતું. આ ઘટનાએ લોકોને વિચારતા કર્યા કે બળદગાડીનું સરનામું કેમ મળ્યું અને બળદગાડીમાં નંબર ક્યારથી લાગી? મજાની વાત એ છે કે શહેરમાં એક પણ બળદગાડી નથી. હવે લોકો મજાક કરી રહ્યા છે કે સ્માર્ટ સિટીના કેમેરાએ રસ્તા પર બળદગાડી જોઈ અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ તેનો ઈ-મેમો મોકલી દીધો. આ તો આશ્ચર્યજનક છે. હકીકતમાં, સાગર કલેક્ટરના આદેશથી દરરોજ ૧૦૦૦ થી વધુ ઈ-મેમો સ્માર્ટ સિટી દ્વારા કરવામાં આવી રહ્યા છે. ઈ-મેમાની હડબડિમાં કર્મચારીઓ તરફથી આવી બેદરકારી થઈ રહી છે, જેના કારણે સામાન્ય લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કોઈની ગાડી ઘેર રાખેલી છે, પરંતુ તેનો ટ્રાફિક નિયમ તોડવાનો ઈ-મેમો આવી જાય છે, તો ક્યારેક જે વ્યક્તિ હેલ્મેટ પહેરીને ગાડી ચલાવી રહ્યો છે, તેનો હેલ્મેટ ન પહેરવાનો ઈ-મેમો જારી થાય છે, જ્યારે ઈ-મેમાની ફોટોમાં તે હેલ્મેટ પહેરેલો દેખાઈ રહ્યો છે. મથુરા પ્રસાદ, કુંભ સ્નાન કરવા ગયા હતા, અને આ દરમિયાન ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્માર્ટ સિટી કંટ્રોલ રૂમ દ્વારા તેમની ગાડીને ઈ-મેમો આપવામાં આવ્યો હતો.

### ગૃહ મંત્રાલયે જાહેર કરી નોટિફિકેશન

# મણિપુર, નાગાલેન્ડ અને અરૂણાચલમાં છ મહિના માટે વધારાયું AFSPA

**નોટિફિકેશન અનુસાર, નાગાલેન્ડ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વધુ સમીક્ષા કરવામાં આવી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્ર સરકારે હાલની પરિસ્થિતિને જોતાં પૂર્વોત્તરના ત્રણ રાજ્યો મણિપુર, નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશમાં આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA)ને છ મહિના સુધી લંબાવ્યો છે. ગૃહમંત્રાલયની નોટિફિકેશન અનુસાર, કેન્દ્ર સરકાર દ્વારા મણિપુર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ સશસ્ત્ર દળ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ દ્વારા મળતી તાકાતનો પ્રયોગ કરતા ૫ જિલ્લાના ૧૩ પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં આવતા વિસ્તારોને છોડીને સંપૂર્ણ મણિપુર રાજ્યને તારીખ ૧ એપ્રિલ ૨૦૨૫થી છ મહિના સુધી એટલે કે આગામી નોટિફિકેશન ન આવે ત્યાં સુધી વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવશે.નોટિફિકેશન અનુસાર, નાગાલેન્ડ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વધુ સમીક્ષા કરવામાં આવી છે અને AFSPA છ મહિના માટે લંબાવવામાં આવ્યો છે. નાગાલેન્ડના જે જિલ્લાઓમાં AFSPA ફરીથી લાગુ કરવામાં આવ્યો છે, તેમાં દિમાપુર, નિઉલેન્ડ, ચુમોકેડિમા, મોન, કિફિરે, નોકલાક, ફેક અને પેરેનનો સમાવેશ થાય છે. કોહિમા જિલ્લામાં ખુઝામા, કોહિમા ઉત્તર, કોહિમા દક્ષિણ, ઝુબ્ઝા અને કેઝોચા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારો, મોકોકચુંગ જિલ્લાના માંગકોલેમ્બા, મોકોકચુંગ-૧, લોંગથો, તુલી, લોંગચેમ અને અનાકી સી સામેલ છે. ગૃહ મંત્રાલય દ્વારા જારી નોટિફિકેશન અનુસાર, મણિપુરના અમુક ક્ષેત્રોમાં અશાંતિ અને હિંસાની સ્થિતિને ધ્યાનમાં લેતાં પગલાં લેવામાં આવ્યા છે. AFSPA હેઠળ સશસ્ત્ર દળો કોઈપણ શંકાશીલ વ્યક્તિની ધરપકડ, તપાસ કરી શકે છે, તેમજ જરૂર પડવા પર ગોળી પણ મારી શકે છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તેમજ શાંતિ સુનિશ્ચિત થાય તે હેતુ સાથે AFSPA ને લંબાવવામાં આવ્યો છે.

### ઈદ પર બેંકો ખુલ્લી રહેશે

# નાણાકીય વર્ષનો અંતિમ દિવસ હોવાથી ૩૧ માર્ચે બેંકો ખુલ્લી રહેશે

**RBIના રજાના કેલેન્ડર મુજબ, ૩૧ માર્ચના રોજ દેશના મોટાભાગના વિસ્તારોમાં બેંકોમાં રજા હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ઈદ-ઉલ-ફિત્ર ૩૧ માર્ચે દેશભરમાં ઉજવવામાં આવશે. આ અવસરે સરકારી કચેરીઓ, શાળાઓ અને કોલેજો બંધ રહેશે. જો કે, ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ઈદ પર બેંકોમાં જાહેર કરવામાં આવેલી રજા રદ કરી દીધી છે. આ નિર્ણય પાછળનું કારણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો છેલ્લો દિવસ હોવાનું જણાવવામાં આવ્યું છે.

RBIના રજાના કેલેન્ડર મુજબ, ૩૧ માર્ચના રોજ દેશના મોટાભાગના વિસ્તારોમાં બેંકોમાં રજા હતી. જો કે, કેન્દ્રીય બેંકે એક પ્રેસ રિલીઝ બહાર પાડીને આ રજા રદ કરી દીધી છે. RBIએ ટ્વીટ કરીને પણ આ અંગે માહિતી આપી હતી. વાસ્તવમાં, ૩૧ માર્ચ એ નાણાકીય વર્ષનો છેલ્લો દિવસ છે, તેથી RBIએ બેંક કર્મચારીઓની રજા રદ કરવાનો નિર્ણય લીધો છે.

નાણાકીય વર્ષનો અંતિમ દિવસ હોવાથી ૩૧ માર્ચે બેંકો ખુલ્લી રહેશે, જેથી નાણાકીય વ્યવહારોને સંતુલિત કરી શકાય. જો કે, એવું પણ જણાવવામાં આવ્યું છે કે ૩૧ માર્ચે બેંકોમાં તમામ પ્રકારના કામકાજ કરવામાં આવશે નહીં, પરંતુ માત્ર અમુક ચોક્કસ વ્યવહારો જ થશે. વર્તમાન નાણાકીય વર્ષનો આ છેલ્લો દિવસ હોવાથી આવકવેરા, કસ્ટમ ડ્યુટી, એક્સાઈઝ ડ્યુટી અને જીએસટી સંબંધિત ચૂકવણીઓ આ દિવસે કરવામાં આવશે. આ ઉપરાંત, પેન્શન અને સરકારી ભથ્થાંના વિતરણ સંબંધિત ચૂકવણીઓ પણ થઈ શકશે.

જો બેંકોની વાત કરીએ તો ૩૧ માર્ચે ખુલ્લી રહેશે, પરંતુ શેરબજાર ઈદ-ઉલ-ફિત્રના અવસરે બંધ રહેશે. BSE અને NSE દ્વારા જાહેર કરવામાં આવેલા રજાના કેલેન્ડર મુજબ, આ બંને સ્ટોક એક્સચેન્જ ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ બંધ રહેશે. આ સાથે કરન્સી ડેરિવેટિવ્ઝ પણ બંધ રહેશે.

ઉલ્લેખનીય છે કે બેંકો ૩૧ માર્ચે ખુલ્લી રહેશે, પરંતુ તેના પછીના દિવસે એટલે કે ૧લી એપ્રિલે દેશના કેટલાક રાજ્યોને બાદ કરતાં લગભગ દરેક જગ્યાએ બેંકોમાં કામકાજ બંધ રહેશે.

### ઈમેલ પાઠવી કહ્યું સ્વેચ્છાએ દેશ છોડો

# અમેરિકાએ F-1 વિઝા રદ કરતાં વિદ્યાર્થીઓમાં ભારે ખળભળાટ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકામાં અભ્યાસ કરનારા વિભિન્ન દેશના હજારો વિદ્યાર્થીઓએ તેનમા F-1 વિઝા અચાનક રદ થવાનો ઈમેલ મળતા હડકંપ મચી ગયો છે. જણાવી દઈએ કે, આ ઈમેલ અમેરિકાના વિદેશ વિભાગ (DOS) તરફથી મોકલવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને તેમના F-1 સ્ટૂડેન્ટ વિઝા રદ થયા હોવાની જાણકારી આપવામાં આવી અને ત્યારબાદ તેમને જાતે અમેરિકા મૂકીને જતા રહેવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એટલે કે, આદેશ છે કે, જો આ વિદ્યાર્થીઓ અમેરિકા છોડીને તાત્કાલિક પોતાના દેશ નહીં જાય તો તેમને પકડીને તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવાની સાથે કોઈ અન્ય દેશમાં પણ ડિપોર્ટ કરવામાં આવી શકે છે. આ કાર્યવાહી કથિત રૂપે કેમ્પસ એક્ટિવિઝમમાં ભૌતિક રૂપે સામેલ થનારા વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવાની હતી. પરંતુ, હવે આ તેનાથી પણ આગળ વધી ગયું છે. એટલે કે, હવે તેમાં એવા વિદ્યાર્થીઓને પણ ટાર્ગેટ કરવામાં આવે છે, જે વિરોધ પ્રદર્શનમાં ભૌતિક રીતે ભલે સામેલ ન હોય પરંતુ, કોઈપણ પ્રકારે અમેરિકાના રાષ્ટ્ર વિરોધી સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી, લાઈક કરી અથવા કોમેન્ટ કરનારા પણ સામેલ હતાં. આવા તમામ વિદ્યાર્થીઓ હવે કાર્યવાહી હેઠળ તપાસના દાયરામાં આવી ગયા છે. જેનાથી અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે અભિવ્યક્તિની સ્વતંત્રતાની સીમા પર ચિંતા વધી ગઈ છે. આ ઈમેલથી પ્રભાવિત લોકોમાં અમુક ભારતીય વિદ્યાર્થીઓ પણ સામેલ છે.

અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલા ઈમેલમાં કહેવામાં આવ્યું હતું કે, તમારા F-1 વિઝા યુએસ ઈમિગ્રેશન અને રાષ્ટ્રીયતા અધિનિયમની કલમ ૨૨૧(i) હેઠળ રદ કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને ચેતવણી આપવામાં આવી છે કે, કોઈપણ કાયદાકીય ઈમિગ્રેશન સ્ટેટસ વિના યુએસમાં રહેવાથી દંડ, અટકાયત અથવા દેશનિકાલ થઈ શકે છે. ઈમેલમાં એ પણ સૂચવવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીઓને તેમના વતન સિવાય અન્ય દેશોમાં પણ મોકલવામાં આવી શકે છે. તેથી તે પહેલાં તે અમેરિકા છોડીને સ્વેચ્છાએ જ અમેરિકા છોડી દો. ઈમેલમાં કહેવાયું કે, જો તમે ભવિષ્યમાં યુનાઈટેડ સ્ટેટ્સની મુસાફરી કરવાનો ઈરાદો ધરાવો છો, તો તમારે બીજા યુએસ વિઝા માટે અરજી કરવાની રહેશે અને તે સમયે તમારી પાત્રતા અંગે નિર્ણય લેવામાં આવશે. આ ઈમેલમાં વિદ્યાર્થીઓને ટ્રમ્પ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી CBP હોમ એપનો ઉપયોગ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેથી તેમને અમેરિકાથી પરત જવામાં મદદ મળી શકે. આદેશમાં વિદ્યાર્થીઓને રદ કરવામાં આવેલા વિઝાના ઉપયોગ કરવાનો પ્રયાસ ન કરવા પણ ચેતાવણી આપવામાં આવી છે. આ સાથે જ એ વાત પર ભાર મૂકવામાં આવ્યો કે, પ્રસ્થાન કરતાં સમયે અમેરિકન દૂતાવાસ અથવા કોન્સ્યુલેટમાં તેમના પાસપોર્ટ રજૂ કરવાના રહેશે. લેટેસ્ટ આંકડાઓ અનુસાર, ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષ માટે અમેરિકામાં અભ્યાસ કરનારા ૧.૧ મિલિયન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી ૩,૩૧,૦૦૦ ભારતમાંથી આવે છે.

# ઈંડાની લારીવાળાને IT વિભાગે ફટકારી ૬ કરોડની નોટિસ

। (એજન્સી) ભોપાલ, તા.૩૦ ।

મધ્યપ્રદેશના દમોહમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં પથરિયા નગરમાં ઈંડાની લારી ચલાવતા શખ્સના નામે દિલ્હીમાં કરોડોનો બિઝનેસ કરતી નકલી કંપની (ડમી કંપની) ચાલી રહી હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. આ કંપનીનું ટર્નઓવર ૫૦ કરોડ રૂપિયાથી વધારે અને તેને ૬ કરોડનો GST ચૂકવવાનો બાકી છે. જેથી આવકવેરા વિભાગે આ મામલે ઈંડાની લારી ચલાવતા શખ્સને નોટિસ મોકલીને બેંક સ્ટેટમેન્ટ અને અન્ય ડોક્યુમેન્ટની માંગ કરી છે. નોટિસ મળતા જ આખો પરિવાર ગભરાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, પથરિયા નગરમાં રહેતો પ્રિન્સ સુમન ઈંડા વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેના નામે દિલ્હીમાં પ્રિન્સ એન્ટરપ્રાઈઝ નામની એક કંપની રજિસ્ટર્ડ મળી આવી છે, જેણે ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન લગભગ ૫૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર કર્યું હતું. આ કંપની ચામડા, લાકડા અને લોખંડનો બિઝનેસ કરી રહી હતી, પરંતુ તેણે ૬ કરોડનો GST ચૂકવ્યો ન હતો. જેના કારણે હવે આવકવેરા વિભાગે ઈંડાની લારી ચલાવતા પ્રિન્સ સુમનને ૬ કરોડ રૂપિયાની લેણી રકમ માટે નોટિસ મોકલી છે. નોટિસ મળતા જ પ્રિન્સ સુમન અને તેનો પરિવાર ચિંતામાં મૂકાઈ ગયો છે.

## ખાસ લેખ

### માધવપુર ઘેડનો મેળો । જાણો શું છે માધવપુર ઘેડના મેળાનો મહિમા!

# એક પત્ર વાંચી ભગવાન શ્રી કૃષ્ણ રુક્ષ્મણીજીને માધવપુર ઘેડ લઇ આવ્યા હતા અને લગ્ન કર્યા

। (માહિતી) અમદાવાદ ।

માધવપુર ઘેડ

માધવપુર ગુજરાતના સૌરાષ્ટ્રના દરિયા કિનારે પોરબંદર જિલ્લામાં આવેલું છે. જે પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર પૌરાણિક ઐતિહાસિક અને વિરાસત સમું ગામ છે. માધવપુરનો બીચ ખૂબ જ રમણીય અને સેલાણીઓને આકર્ષે છે.

માધવપુર ઘેડના મેળાનો ઈતિહાસ

માધવપુર ઘેડનો મેળો એટલે કે અગ્નિદેવની સાક્ષીએ બે આત્માઓને લગ્નના પવિત્ર સંબંધથી જોડતો જ્ઞાન, ભક્તિ અને હર્ષોલ્લાસનો મેળો. માધવપુરનો મેળો એટલે માધવજીના પરિણયનો મેળો. આ મેળો ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ સુધી પાંચ દિવસ સુધી ભરાય છે. આ વર્ષે તારીખ ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન મેળાનું ભવ્ય આયોજન રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ ગુજરાત પ્રવાસન નિગમ તેમજ સ્થાનિક પ્રશાસન સહિતના વિભાગો દ્વારા કરવામાં આવ્યું છે. ચાર દિવસ માધવપુરમાં મેળો અને પાંચમા દિવસે દ્વારકામાં માતા રુક્ષ્મણીનો સત્કાર સમારંભ ભવ્ય રીતે ઊજવાય છે.

ભૌગોલિક રીતે ઊંધી રકાબી આકાર ધરાવતા ઘેડ વિસ્તારમાં માધવપુર નામે નાનું ગામ જનઆસ્થાનું મોટું કેન્દ્ર છે. દરિયા કિનારા સામે વસેલું આ ગામ ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીના વિવાહનું સાક્ષી છે.

માધવપુર મેળાનો ઈતિહાસ મહાભારતકાળ સાથે જોડાયેલો છે. પૌરાણિક કથાઓ અને પુરાણો અનુસાર ભારતના ઉત્તર પૂર્વ વિસ્તારમાં એ સમયના રાજા ભીષ્માકની રાજ કુવારી રુક્ષ્મણીજીના લગ્ન તેમના ભાઈ રુકમૈયાની ઈચ્છાથી શિશુપાલ સાથે નક્કી થાય છે. રુક્ષ્મણીજીને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે અપાર પ્રેમ છે અને તેઓ ભગવાન શ્રીકૃષ્ણને લગ્ન માટે પત્ર લખે છે. આ પત્ર દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણને પહોંચાડવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉત્તર પૂર્વમાં જઈ રુકમૈયાને હરાવી રુક્ષ્મણીનું હરણ કરી દ્વારકા પરત ફરતી વખતે એ સમયના માધવ તીર્થ એટલે કે હાલના માધવપુરમાં લગ્ન વિધિ સંપન્ન કરે છે. ભગવાન શ્રીકૃષ્ણને કુંવારી ભૂમિ પર લગ્ન કરવા હતા, એટલે દરિયાદેવે અહીં ભગવાનને જગ્યા કરી આપી, એ સ્થળ એટલે મધુવન એ ખૂબ જ રમણીય અને શાંતિ આપનારું છે. લગ્ન વિધિ માટેના ચોરી માયરાના સ્થાપત્યના અંશો માધવપુરે સાચવી રાખ્યા છે. કુદરતે માધવપુર અને આસપાસના વિસ્તારને ખોબલે ખોબલે સુંદરતા આપી છે. જે ભાવિકોને મોહી લે છે.

ચૈત્ર સુદ નોમ એટલે કે ભગવાન શ્રી રામના પ્રાગટ્ય દિવસે ગણેશ સ્થાપનાથી આ મેળાની શરૂઆત થાય છે. ત્યાર બાદ રાત્રે ૦૯.૦૦ કલાકે ભગવાન માધવરાયજી અને ત્રિકમરાયજીના મંદિરેથી પહેલા ફૂલેકાનો પ્રારંભ થાય છે. ચૈત્ર સુદ દસમ તથા એકાદશીના દિવસે બીજું અને ત્રીજું ફુલેકું નીકળે છે.

ચૈત્ર સુદ બારસ વિવાહ ઉત્સવ તરીકે શ્રદ્ધાપૂર્વક ઊજવાય છે. જેમાં મહેર સમુદાયના લોકો ધજાઓ સાથે શણગારેલા હાથી, ઉંટ અને ઘોડા પર સવાર થઈને રુક્ષ્મણીનું મામેરું લઈ આવે છે. જ્યારે બપોરે ૧૨.૦૦ કલાકે મધુવનમાં આવેલ મહાપ્રભુજીના પવિત્ર સાંનિધ્યમાં રુક્ષ્મણીના પિયર પક્ષની જગ્યામાં 'રુક્ષ્મણી મઠ'થી ભગવાન શ્રીકૃષ્ણનું સામૈયું કરવામાં આવે છે. અને ચાર ફેરા જેવા પ્રસંગો જોવા માટે દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આવે છે. આ મેળા માટે 'માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન' લગ્નગીત પણ જાણીતું છે.



હવે શ્રીકૃષ્ણ - રુક્ષ્મણી વિવાહનો આ લોકમેળો રાષ્ટ્રીય સ્તરે વિસ્તર્યો છે. વર્ષ ૨૦૧૮થી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ મેળાએ રાષ્ટ્રીય બહુમાન મેળવ્યું છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના સંકલનથી અહીં સાંસ્કૃતિક ઉત્સવ યોજાય છે, જેમાં ભારતના પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિને જોડતી ભવ્ય સંસ્કૃતિ કૃતિઓ બંને પ્રદેશોના કલાકારો પ્રસ્તુત કરે છે. વર્ષ ૨૦૨૫ના આ મેળામાં પ્રથમ વખત મોટા સ્તરે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉત્તર પૂર્વના ૮૦૦ અને ગુજરાતના ૮૦૦ એમ ૧૬૦૦ કલાકારો ભવ્ય પ્રસ્તુતિ કરશે.

આ મેળામાં અરુણાચલ પ્રદેશ, આસામ, સિક્કિમ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાના લોકો પણ આ મેળામાં જોડાઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને ચરિતાર્થ કરી રહ્યા છે. માધવપુરના આ અસલી સોરઠી મેળામાં નવપરણિત યુગલો સહિત યુવાનો પવિત્ર પ્રેમના સમન્વયની આ પળના અચૂક સાક્ષી બને છે. અહીં મેળામાં ભાતીગળ વસ્ત્ર-અલંકારો પહેરીને ગીતો ગાતી અને રાસડે રમતી વિવિધ સમાજની સ્ત્રીઓ સૌરાષ્ટ્રની સંસ્કૃતિના દર્શન કરાવે છે. જગતનાં દુઃખોને ભૂલીને અબાલવૃદ્ધ સહિત તમામ વર્ગના લોકો પાંચ દિવસ સુધી ભક્તિ, આનંદ, ઉલ્લાસ અને આધ્યાત્મરસમાં લીન થઈને આ મેળામાં સહભાગી બને છે.

આ વર્ષે માધવપુર મેળાનો મહિમા ચોમેર પ્રસરાય તે માટે જુદા જુદા જિલ્લામાં પ્રિ-પ્રોમશનલ કાર્યક્રમો પણ યોજવાના છે. અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે હજારો લોકોની ઉપસ્થિતિમાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોકકલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે.

ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન થયા હતા તે મધુવનમાં રુક્ષ્મણી માતાના પૌરાણિક મંદિર અને ચોરી માયરાના સ્થળનો તેમજ માધુપુરના બીચ વિસ્તારમાં અને અન્ય સ્થળોએ કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ અને પવિત્ર યાત્રાધામ બોર્ડ સરકાર દ્વારા પ્રવાસનને ધ્યાનમાં રાખીને 'વિરાસત ભી વિકાસ ભી' સૂત્ર સાર્થક કરતા વિકાસનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શન અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં માધવપુરની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરવામાં આવી રહી છે. માધવપુર તેના ઐતિહાસિક આધ્યાત્મિક મહત્ત્વ અને પ્રકૃતિના સૌંદર્યથી એક આગવું પ્રવાસન સ્થળ તરીકે વિકસી રહ્યું છે.

મેળાનાં આકર્ષણો

મેળાના પ્રારંભથી ચાર દિવસ સુધી સ્ટેડિયમ આકારના ભવ્ય મેદાનમાં ઉત્તર પૂર્વના કલાકારો અને ગુજરાતના કલાકારો એક સાથે ભવ્ય સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરે છે. જેમાં ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીની લગ્નકથા, ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીનો પ્રેમ, એક ભારત શ્રેષ્ઠ ભારત અને વિવિધતામાં એકતા સાથે ભવ્ય ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવે છે.

માધવપુર ખાતે સદીઓ પુરાણું વિષ્ણુ મંદિર પણ આવેલું છે, જે જૂના માધવરાયજીના મંદિરથી ઓળખાય છે. ૧૨મી સદીમાં બનેલું આ મંદિર ભારતની ભવ્ય સનાતન સંસ્કૃતિના વારસાનું પ્રતીક પણ છે. આ મંદિર ખૂબ જર્જરિત થતાં ૩૦૦ વર્ષ પહેલા પોરબંદરના મહારાણીએ બીજું નવું મંદિર બંધાવી આપેલું. ત્યાં જૂના મંદિરમાંથી માધવરાયજીની મૂર્તિઓ અહીં પધરાવવામાં આવી છે. આ મૂર્તિઓ પણ ભારતની અજોડ અને ખૂબ જ આગવી વિશેષતાઓ ધરાવતી મૂર્તિઓમાંની એક છે. ભગવાન માધવરાયજીના દર્શન કરવા એક લહાવો છે અને અહીં દેશભરમાંથી આવતા શ્રદ્ધાળુ ભગવાન માધવરાયજીના અચૂક દર્શન કરે છે અને ભવ્યતાની લાગણી અનુભવે છે. ભગવાન માધવરાયજીની જાન માધવરાયજીના મંદિરેથી મધુવનમાં રુક્ષ્મણી માતાના મંદિર પરિસર ચોરી માર્યા ખાતે જાય છે. અહીં લગ્ન વિધિ થાય છે, જે પ્રસંગ પણ હજારો ભાવિકો માણે છે.

માધવપુર ભારતના ઈતિહાસમાં ભક્તિ આંદોલન વખતે પણ શ્રદ્ધાનું કેન્દ્ર હતું. અહીં મહાપ્રભુ વલ્લભાચાર્યજીએ પણ યાત્રા કરેલી અને તેમની બેઠક પણ આવેલી છે. રામાનુજાચાર્ય પરંપરા, ગુરુ ગોરખનાથનો ધુણો બ્રહ્મકુંડ, ગદા વાવ, મધુવંતી નદી સંગમ, નીલકંઠ મહાદેવ, ગુફાઓ, રુક્ષ્મણી મંદિર અને પૌરાણિક વિવિધ વાવ-કુંડો આકર્ષણનું કેન્દ્ર છે.

# ચેટીચંડ દિવસની સાંસ્કૃતિક ઉજવણીમાં સિંધી સમાજ સાથે સહભાગી થતા મુખ્યમંત્રી





ચેટીચંડ પર્વઃ AMC આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિતિ રહ્યા હતાં અને અમદાવાદના નરોડા ખાતેથી ચેટીચંડ શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

## તાપીના વ્યારામાં બાંધકામ સાઈટ પર ગેસનો બાટલો બ્લાસ્ટ થયો

| (એજન્સી) તાપી, તા.૩૦ |

ગુજરાતના તાપીના વ્યારાના ખટારફળિયામાં રવિવારે (૩૦ માર્ચ) બાંધકામ સાઈટ પાસેની ઝૂંપડપટ્ટી પર ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાના કારણે વિકરાળ આગ લાગી હતી. જેના કારણે ત્યાં નાસભાગ મચી ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને ઝૂંપડપટ્ટીમાં લાગેલી આગને ગણતરીના સમયમાં ઓલવી નાંખી હતી. જોકે, આગ ઓલવ્યા બાદ ફાયર વિભાગને ઝૂંપડામાંથી ૨૩ થી ૨૪ જેટલાં રાંધણ ગેસના સિલિન્ડર મળી આવ્યા હતાં. જેના કારણે રાંધણ ગેસના સિલિન્ડરના કૌભાંડ વિશે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વ્યારાના ખટરફાળિયા વિસ્તારમાં રવિવારે બાંધકામ સાઈટની પાસે શ્રમિકોની ઝૂંપડપટ્ટીમાં વિકરાળ આગ લાગી હતી.

## રાજકોટમાં ગોંડલ ચોકડી પર બ્રિજનો જોઈન્ટ છુટો પડી ગયો

| (એજન્સી) રાજકોટ, તા.૩૦ |

રાજકોટ શહેરના ગોંડલ ચોકડી નજીક આવેલા નવનિર્મિત નેશનલ હાઈવે ઓથોરિટીના બ્રિજની લોખંડની પટ્ટીઓ તૂટી ગઈ છે. થોડા સમય પહેલાં લોકાપર્ણ કરવામાં આવેલા આ બ્રિજનો વીડિયો વાઈરલ થતાં તંત્રમાં હરકત મચી જવા પામી છે. રાજકોટ-ગોંડલને જોડતા બ્રિજ પર લોખંડનો જોઈન્ટ છૂટો પડી ગયો છે. જોઈન્ટની પટ્ટી નીકળતાં અકસ્માતની સંભાવના વધી જવા પામી છે અને લોકોમાં ભયનો માહોલ છે. આ વીડિયોમાં હાઈવે ઓથોરિટીની બેદરકારી અને કૌભાંડની બૂ આવી રહી હોવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જાગૃત નાગરિક દ્વારા વીડિયો શેર કર્યા બાદ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રીપેરીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

### ૧૫ દિવસોમાં બમણાં ફોર્મ ભરાયાં

## RTE અંતર્ગત ૬ લાખની આવક મર્યાદામાં વધારો થતા પ્રવેશ માટે પડાપડી

| (એજન્સી) અમદાવાદ, તા.૩૦ |

RTE હેઠળ પ્રવેશ માટેના ફોર્મ ભરવાની ઓનલાઈન પ્રક્રિયા ચાલી રહી છે અને આગામી ૧૫ એપ્રિલ સુધી આ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન ચાલવાની છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે RTE અંતર્ગત પ્રવેશ માટે સરકાર દ્વારા આવક મર્યાદા ૬ લાખ સુધીની કરવામાં આવતા પ્રવેશ માટે વાલીઓનો ધસારો વધ્યો છે. કારણ કે RTE હેઠળ ૧૫ દિવસમાં જ ડબલ ફોર્મ ભરાઈ ગયા છે અને હજુ આગામી ૧૫ દિવસોમાં આ આંકડો વધવાની શક્યતા છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE) અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ માટે નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ખાનગી શાળામાં ધોરણ ૧માં પ્રવેશ આપવાની પ્રક્રિયા રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. રાજ્યમાં અંદાજે ૯૦ હજાર બેઠકો માટે પ્રથમ રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવી રહી છે. જોકે પ્રવેશ પ્રક્રિયા શરૂ થયાના અમુક દિવસમાં જ સરકાર દ્વારા RTE માં પ્રવેશ માટે આવક મર્યાદા ૬ લાખ કરવામાં આવી. જેને લઈને આખી પ્રક્રિયા નવેસરથી શરૂ કરવામાં આવી. કારણ કે અગાઉ RTE માં પ્રવેશ માટે શહેરી વિસ્તાર માટે ૧ લાખ ૫૦ હજાર હતી જ્યારે ગ્રામ્ય માટે ૧ લાખ ૨૦ હજાર હતી. પરંતુ આવક મર્યાદા ૬ લાખ સુધીની કરવામાં આવતા RTE પ્રવેશ માટે ધસારો વધ્યો છે. માત્ર ૧૫ દિવસોમાં જ અમદાવાદમાં પ્રાથમિક ધોરણ ૧ માં પ્રવેશ માટે ૩૧ હજાર ફોર્મ ભરાઈ ગયા છે.

### બાપુનગરની હદમાં યુવકને બેરહેમીથી માર માર્યો

## નિકોલ પોલીસના સ્ટાફે યુવકને બેરહેમીથી માર માર્યો

### એક યુવકને માર માર્યો હતો, જેમાં પગમાં અનેક લાકડીઓ મારી ત્યારે ગુપ્તાંગ પર પણ લાકડીથી ઇજા થઇ હતી

| (એજન્સી) અમદાવાદ, તા.૩૦ |

ઠક્કરનગર ચાર રસ્તા પર ખાણીપીણીની અનેક લારીઓ આવેલી છે. જ્યાં સામાન્ય રીતે રાતના સાડા બાર વાગે બાપુનગર પોલીસ લારી ગલ્લા બંધ કરાવે છે. શનિવારે રાતના સમયે ઠક્કરનગર ચાર રસ્તા પાસે ફુડ શોપના વેપારીઓ લારી બંધ કરવાની તૈયારીઓ શરૂ કરી હતી. ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમા આઉટ સોર્સ ડ્રાઈવર અને એક હોમગાર્ડ જવાને અચાનક આવીને ફુડ સ્ટોલના માલિકો અને તેમના સ્ટાફને ધમકાવીને એક યુવકને માર માર્યો હતો. જેમાં પગમાં અનેક લાકડીઓ મારી ત્યારે ગુપ્તાંગ પર પણ લાકડીથી ઈજા થઈ હતી. વેપારીઓએ આક્ષેપ લગાવ્યો હતો કે બાપુનગર પોલીસની હદ હોવા છતાંય, નિકોલ પોલીસના સ્ટાફે આવીને દાદાગીરી કરવાની ઘટના ગંભીર છે. અને આ અંગે કાયદાકીય કાર્યવાહી કરવા માંગણી કરી છે. ઠક્કરનગર ચાર રસ્તા પાસે ખાણીપીણીની અનેક લારીઓ આવેલી છે. જે બાપુનગર પોલીસ સ્ટેશનની હદમાં છે. શનિવાર વારે રાતના સાડા બાર વાગે બાપુનગર પાલીસના સ્ટાફે આવીને લારી ગલ્લા બંધ કરવાની સુચના આપતા વેપારીઓ બંધ કરવાની તૈયારી કરી રહ્યા હતા.ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમાં એક હેડ કોસ્ટેબલ અને ડઈવર આવ્યા હતા. તેમણે દાદાગીરી કરીને લારી ગલ્લા બંધ કરવાનું કહીને ગેરવર્તન કર્યું હતું. જેથી સ્થાનિક વેપારીઓએ તેમને શાંતિથી વાત કરવાનું કહેતા હેડ કોન્સ્ટેબલે રામ ઢોસાનો વ્યવસાય કરતા વ્યક્તિને ત્યાં કામ કરતા વ્યક્તિ પર લાકડીઓથી ફરી વળ્યો હતો અને અપશબ્દો પણ કહ્યા હતા. આ દરમિયાન તે વ્યક્તિના ગુપ્તાંગ પર પણ લાકડી વાગી હતી. જેથી આસ પાસના વેપારીઓએ વિરોધ કરતા હેડ કોન્સ્ટેબલ પીસીઆર વાનમા ત્યાંથી પુરઝડપે નાસી ગયા હતા. બીજી તરફ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. આ બનાવ બાદ ઠક્કરનગર ચાર રસ્તા પર ધંધો કરતા ફુડ સ્ટોલના સંચાલકોએ નિકોલ પોલીસ સ્ટેશન પર પહોંચ્યા હતા. જ્યાં હેડ કોન્સ્ટેબલે ફરીથી તેમની સાથે દાદાગીરી કરી હતી. આ બાબતે સ્થાનિક લોકોએ જણાવ્યું કે અમારો વ્યવસાયની જગ્યા બાપુનગર પોલીસ સ્ટેશનની હદમાં છે. તેમ છતાંય, નિકોલ પોલીસે આવીને માર મારવાની ઘટના ગંભીર છે. જેથી આ અંગે જવાબદાર પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી થવી જોઈએ અને આ બાબતે ઉચ્ચે પોલીસ અધિકારીઓને રજૂઆત કરાશે.

## ચૈત્રી નવરાત્રીનો અંબાજીમાં વિધિવત્ત રીતે પ્રારંભ થયો

| (એજન્સી) અંબાજી, તા.૩૦ |

આજથી ચૈત્રી નવરાત્રીનો અંબાજી ખાતે વિધિવત્ત પ્રારંભ થયો છે. જેને લઈ યાત્રિકોમાં પણ ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. આમ તો આસો માસની નવરાત્રીમાં નવ દિવસ ગરબાની રમઝટ જામતી હોય છે. ત્યારે આ ચૈત્રી નવરાત્રીમાં આજથી માતાજીનાં ચાચર ચોકમાં માં અંબાના નામની અખંડ ધુનની શરૂઆત કરવામાં આવી છે. આ અખંડ ધુન નવે દિવસ રાત અને દિવસ ૨૪ કલાક ઉભા પગે કરવામાં આવશે. અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રી દરમિયાન થતી આ અખંડ ધુન ભારતદેશની આઝાદી પૂર્વે ૧૯૪૧માં પ્રજા ઉપર આવી પડેલી આપત્તીઓનાં નિવારણ અર્થે શરૂ કરવામાં આવી હતી. જે અખંડ ધુન આજે પણ મહેસાણાં જિલ્લાનાં ૧૫૦ ઉપરાંતનાં શ્રધ્ધાળુંઓનાં સંગઠન દ્વારા આ પરંપરાને ૮૩ વર્ષથી જાળવી રાખવામાં આવી છે.

